**સુવિચાર**

જો હિંસક સંસ્કારો હોય તો તે સહજમાં હિંસક બનશે ને દૈવિસંસ્કારો હોય તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ સ્થિરતા જાળવી શકશે

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૯/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ શ્રાવણ વદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૨૨૬

## ભાજપ હાઈકમાન્ડ દ્વારા પ્રમુખ સહિતનાં હોદ્દેદારોની પસંદગી થઈ

# અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ તરીકે ભરત સુતરીયા

**ઉપપ્રમુખ તરીકે ચિતલ બેઠકનાં સદસ્ય સુરેશભાઈ પાથરની પસંદગી કરવામાં આવી**

**કારોબારી ચેરમેન તરીકે તરીકે નાગેશ્રીનાં સદસ્ય કરશનભાઈ ભીલ પર પસંદગીનો કળશ ઢોળાયો**

**જિલ્લા પંચાયત ખાતે આજે સત્તાવાર રીતે નામો જાહેર કરી દેવામાં આવશે**

**નવનિયુકત પદાધિકારીઓ ઉપર મિત્રો, શુભેચ્છકો દ્વારા અભિનંદનવર્ષા**

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ, ઉપપ્રમુખ અને જુદી-જુદી સમિતિનાં ચેરમેનનો અઢી વર્ષનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો હોય આગામી અઢી વર્ષ માટે પ્રમુખ સહિતનાં પદાધિકારીઓની પ્રક્રિયા ભાજપ ધ્વારા શરૂ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લા પંચાયતમાં ભાજપને સ્પષ્ટ બહુમતી હોવાથી કોંગ્રેસ પક્ષ તરફથી કોઈ દાવેદારી પણ થવાની ન હોય તેવા સમયે આવતીકાલે યોજાનારી પ્રમુખ, ઉપપ્રમુખની પસંદગી પ્રક્રિયા માત્ર ઔપચારિકતા બની રહેવાની છે.

દરમિયાન પ્રદેશ ભાજપ તરફથી અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ પદે મતિરાળા બેઠકનાં સદસ્ય ભરતભાઈ સુતરીયા અને ઉપપ્રમુખ પદે ચિતલ બેઠકનાં સદસ્ય સુરેશભાઈ પાથરની પસંદગી કરવામાં આવી છે. તો જિલ્લા પંચાયતની અતિ મહત્વની કારોબારી સમિતિનાં ચેરમેન પદે નાગેશ્રી બેઠકનાં સદસ્ય કરશનભાઈ ભીલની પસંદગી કરવામાં આવી હોય આવતીકાલે સત્તાવાર રીતે ઉપરોકત સદસ્યોને જવાબદારી સોંપવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.







### બોલેરો પીકઅપ વાનની તલાસી લેવાતા

## બાબરા : કોટડાપીઠા ચેક પોસ્ટ નજીકથી નશીલી દવાઓની ૬ હજાર બોટલ ઝડપાઈ

**સ્થાનિક પોલીસે ૩ આરોપીઓની કરી અટકાયત**



અમરેલી, તા. ૧૨

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હીંમકરસિંહે અમરેલી જીલ્લામાં કફ શીરપ અન્ય આયુર્વેદીક દવાઓનાં નામે આલ્કોહોલીક દવાઓનું ડોકટરનાં પ્રિસ્કીપ્શન વગર પોતાનાં આર્થીક ફાયદા સારૂં ગેરકાયદેસર વેંચાણ તેમજ હેરફેર કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતુ. જે અન્વયે બાબરાના પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરીની સુચનાથી બાબરાના કોટડાપીઠા ચેક પોસ્ટ ખાતે વાહન ચેકીંગ દરમ્યાન એક સફેદ કલરનું બોલેરો

અનુસંધાન પાના ૬ ઉપર

### બાબરા નજીક આવેલ

## ધરાઈ ગામની સીમમાં તીનપત્તીનો જુગાર રમતા ૧૦ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**પોલીસે રૂા. ૪૪ હજારની મત્તા કબ્જે લીધી**

અમરેલી, તા. ૧૨

અમરેલીમાં રહેતા વિમલભાઈ હર્ષદભાઈ સેજપાલ, હુસેનભાઈ ઈસ્માઈલભાઈ સોલંકી સહિત ૧૦ જેટલા ઈસમો બાબરા તાલુકાનાં ધરાઈ ગામની સીમમાં વલ્લભભાઈ સતાણીની વાડી પાસે જાહેરમાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. આ અંગે અમરેલી એલસીબી પોલીસને બાતમી મળતા દરોડો પાડી રોકડ રકમ રૂા. ૪૩૮૦૦ની મતા સાથે તમામ ૧૦ ઈસમોને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સિંહોના ટોળાનું દ્રશ્ય રોજિંદુ બન્યું



આપણાં ગુજરાતમાં કહેવત છે કે, 'ભુખ ગણે નહીં ભાખરાને, અને ઉંઘ ગણે નહીં ખાખરાને' મતલબ જે જયારે કોઈને પણ પેટમાં ભુખ લાગે છે ત્યારે પેટની ભૂખને મિટાવવા માટે ગમે તેવું પણ જોખમ ખેડી લેતાં હોય છે. પછી તે માનવ હોય કે પ્રાણી. અમરેલી જિલ્લાનાં ગીર કાંઠાના વિસ્તારમાં સિંહ, દીપડા જેવા રાની પશુઓ છાશવારે ગ્રામ્ય વિસ્તાર અથવા તો જાહેર માર્ગ ઉપર નીકળતા હોવાનું સામાન્ય બન્યું છે ત્યારે ખાંભા ગામ નજીક આવેલા ભાડ ગામના લાલધાર રેવન્યુ વિસ્તારમાં ગઈકાલે એકી સાથે સિંહબાળ સંગાથે ૧૧ જેટલાં સિંહનું ટોળું શિકારની શોધમાં માર્ગ ઉપર જોવા મળ્યું હતું. આ ૧૧ સિંહના ટોળાનો વિડીયો થયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ત્યારે સિંહોના ટોળા ના હોવાની કહેવત ફરી એક ખોટી ઠરી હતી.

### બાબરા નજીક આવેલ

## લાલકા ગામે તાલુકા પંચાયતનાં સદસ્યને માર મારતાં બે શખ્સો સામે ફરિયાદ

**આરોપી લાલકાનાં ઉપસરપંચનાં પુત્ર હોવાનું સામે આવ્યું**

અમરેલી, તા. ૧૨

બાબરા તાલુકાનાં સુખપુર ગામે રહેતા વિનોદભાઈ રૂપાભાઈ ઝાપડીયા નામનાં ૪૦ વર્ષિય યુવક બાબરા તાલુકા પંચાયતનાં સદસ્યો હોય અને તેની ગ્રાન્ટમાંથી લાલકા ગામે આરસીસી રોડ મંજૂર થયેલ હોય. તે રોડનું કામ બાકી હોય તે બાબતે તેઓ લાલકા ગ્રામ પંચાયતનાં ઉપસરપંચ હમીરભાઈ સાનિયા સાથે વાત કરેલ હોય. જેથી ઉપસરપંચનાં દીકરા થોભણભાઈ સાનિયા, મુકેશભાઈ ભીખાભાઈ સાનિયાને સારૂ નહી લાગતા યુવકનું મોટર સાયકલ ઉભું રખાવી પાઈપ તથા કુહાડીની મુંઘરાટી વડે માર મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

### અમરેલી નજીક આવેલ

## શેડુભાર ગામે પ્લોટ વિસ્તારમાં જુગાર રમતા ૫ ઈસમોને રંગેહાથ ઝડપી લેવાયા

**રોકડ રકમ રૂા. ૧૨૨૧૦ની મત્તા કબ્જે લઈ કરી કાર્યવાહી**

અમરેલી, તા. ૧૨

અમરેલી તાલુકાનાં શેડુભાર ગામે રહેતા હસમુખભાઈ કરશનભાઈ ખુમાણ સહિત ૫ જેટલા ઈસમો શેડુભાર ગામે ટાકાવાળા તરીકે ઓળખાતા પ્લોટ વિસ્તારમાં તળાવનાં પાળા ઉપર જાહેરમાં પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા હોય. અમરેલી તાલુકા પોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂા. ૧૨૨૧૦ની મતા સાથે તમામ પાંચ ઈસમોને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

### મૂળ સરંભડાનાં અને હાલ શ્રીરંગ સોસાયટીમાં રહેતા

## અમરેલીની શાંતાબા હોસ્પિટલમાં દોઢ વર્ષથી ફરજ બજાવતા નર્સનું ઝેરી દવા પીવાથી મોત

**તેણીએ પોતાનાં ઘરે અનાજમાં નાખવાનો ઝેરી પાઉડર પી લીધો**

અમરેલી, તા. ૧૨

અમરેલીની શાંતાબાા હોસ્પિટલમાં છેલ્લા એક દોઢ વર્ષથી નર્સ તરીકે નોકરી કરતા મુળ સરંભડા ગામની અને હાલ ચિતલ રોડ શ્રીરંગ સોસાયટીમાં શેરી નંબર પાંચમાં રહેતાા ઉર્મિલાબેન ભીખુભાઈ દાફડા (ઉ.વ. ૨૩) એ ગઈકાલે પોતાનાં ઘરે અનાજમાં નાખવાનો ઝેરી પાવડર પી જતા તેણીને શાંતાબાા ગજેરા હોસ્પિટલમાં સારવારમાં ખસેડોલ હતી જયાંા સારવાર દરમિયાન આ નર્સનું મોત નીપજયુ હતું.

મુતક ઉર્મિલાબેન કયા કારણોસર ઝેરી દવા પી જઈ આપઘાત કરેલ છે તે અકબંધ રહેલ છે. અમરેલી સીટી પોલીસમાં નર્સ ઉર્મિલાના પિતા ભીખુભાઈ હમીરભાઈ દાફડાએ તેની પુત્રીએ કોઈપણ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જઈ આપઘાત કરેલ હોવાનું જાહેર કરેલ હતું.

### એસ.પી.ની સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડનો સપાટો

## અમરેલી : છેલ્લા દોઢ વર્ષથી ડ્રાઈવીંગ લાયસન્સનાં ખોટા દસ્તાવેજનાં ગુન્હામાં નાસતા ફરતા આરોપી ઝડપાયા

**આરોપીને વરસડા ગામ નજીકથી બાતમીનાં આધારે ઝડપી લેવાયા**

અમરેલી, તા. ૧૨

બોટાદ જિલ્લાના ઉમરાળા તાલુકાનાં સમઢીયાળા ગામે રહેતા આરોપી તેજાભાઈ હનુભાઈ ભોકળવા તથા તેના સાગરીતોએ આર.ટી.ઓ. લગત ટુ વ્હીલર/ફોર વ્હીલરના, એજન્ટો દ્વારા ખોટા લાયસન્સ કાઢી ખોટા બનાવટી દસ્તાવેજ બનાવી એકબીજાએ ગુન્હામાં મદદગારી કરી ગુન્હો કરેલ હોય અને આ બાબતે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ગુ.ર.નં ૧૧૧૯૩૦૦૪૨૨ ૦૦૯૪/૨૦૨૨ આઈપીસી કલમ-૪૦૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧ વિ. મુજબ ગુન્હો નોંધાયેલ હોય, થયેલ જે કામે આરોપી આજદીન સુધી ફરાર હતો.



જે અન્વયે પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા ગુન્હાનાં કામે નાસતા ફરતા આરોપી તથા ફરાર

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
જયદીપ પટેલ : મો.
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો.

Since 1984
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
જીવનમાં 2 વસ્તુ વ્યક્તિને દુખી કરે છે.
1 જીદ 2 અભિમાન
જીવનમાં 2 વસ્તુ વ્યક્તિને સુખી કરે છે.
1 Let Go 2 Compromise
લાઈવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

### સ્વામીનારાયણ મંદિર નજીક

## વડિયાની સુરવો નદીમાં ઝંપલાવી મહિલાએ કરી આત્મહત્યા

**પતિનું અવસાન ૨ વર્ષ પહેલા થયેલ હોય લાગી આવ્યું**

અમરેલી, તા. ૧૨

વડિયા ગામે રહેતા રસીદાબેન યુનુસભાઈ પઠાણ નામની મહિલાનાં પતિ આશરે બે વર્ષ પહેલા મરણ ગયેલ હોય. ત્યારથી તેણી ગુમસુમ અને શોકમાં રહેતા હોય. તે દુ:ખ સહન ન થતાં તેણીએ તા. ૧૧નાં રોજ વડિયા ગામે આવેલ સ્વામીનારાયણ મંદિર પાસે સુરવો નદીનાં પટ્ટમાં પાણીમાં પુલમાંથી પડી ડૂબી જવાથી મરણ ગયાનું વડિયા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### પાલિકાનાં શાસકો ગંભીરતા દાખવે તે જરૂરી

# જાફરાબાદનાં પીપળીકાંઠા વિસ્તારમાં અસહ્ય ગંદકીથી રોગચાળાનો ખતરો

### જનતાજનાર્દનને મત મેળવીને ભૂલી જવી યોગ્ય નથી



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૨

જાફરાબાદનાં પીપળી કાંઠા વિસ્તારમાં ગંદકી દૂર કરવા માંગ તલાવડીની બાજુમાં આવેલ ખેતરમાં ગંદકીથી ખદબદી રહ્યું હોય તેમાં પણ વરસાદી પાણી અને ગટરનાં ગંધાતા પાણી આ બધું પાણી રોડ ઉપર આવતું હોવાથી દુર્ગંધ મારતું હોય અને કચરાનાં ઢગલા હોય પરંતુ નગરપાલિકાનાં ધ્યાન ઉપર આવતું નથી તો શું આ ખડકાયેલા ગંદકીનાં કારણે કોઈ રોગચાળો ફેલાય તો જવાબદારી કોની ? બાજુમાં લોકોનાં રહેણાંક મકાનો આવેલ હોય પરંતુ ઘણા સમયથી આ ઉકરડો દિનપ્રતિદિન ગંદકીથી ખદબદી રહ્યો હોય પરંતુ પાલિકા ગંભીર બનતી નથી. આ દુર્ગંધ મારતો ઉકરડો પાલિકા કોઈ નક્કર પગલાં ભરશે ? લોકોનું સ્વાસ્થ્ય માટે આરોગ્ય માટે આ ઉકરડાનો નિકાલ કરવામાં આવશે ? આ ખડકાયેલ ગંદકીનાં ઢગલા ઉપર વહીવટી તંત્ર લાલ આંખ કરવાને બદલે આંખ આડા કાન કરવામાં આવશે ? તેવું નાગરિકોમાંથી થતી ચર્ચાઓ આ ખદબદતી ગંદકીનાં લીધે ડેંગ્યૂ, મેલેરિયા, અન્ય બિમારીઓ ઉત્પન્ન થાય તો જવાબદાર કોણ ? સામાકાંઠામાં નાગરિકો દરેક સ્તરે વેરો ભરવા છતાં સારી એવી સુવિધા દેવામાં પાલિકા નિષ્ફળ સ્વચ્છતા બાબતે ઘોર બેદરકારી રાખવામાં આવી છે. તલાવડી વિસ્તારમાં વસવાટ કરતાં લોકોને આ ગંદકીનાં લીધે બિમારીનો સામનો કરવો પડે તેવી મુસીબત છે.

પરંતુ આરોગ્ય વિભાગને પણ ધ્યાન ઉપર આવતું નથી પાલિકાનાં જવાબદાર લોકો સફાઈનું નાટક કરી ચાલ્યા જાય છે. ગટરનું પાણી દુર્ગંધ મારતું હોવાથી લોકોનાં આરોગ્ય સામે પણ ખતરનાક હોય પાલિકા દ્વારા ડીડીટી પણ છાંટવામાં આવતી નથી. માથાનાં દુઃખાવા સમાન ખડકાયેલ ઉકરડો સામે પાલિકા ગંભીર બનશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવી નિતી અપનાવવામાં આવશે.

# બાબરા : સમઢીયાળા ગામનાં તલાટી મંત્રીની બદલી થતાં સન્માન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

બાબરા તાલુકાનાં સમઢિયાળા ગામે ફરજ બજાવતા તલાટી કમ મંત્રી એ.જે.પટેલની વતનમાં બદલી થતાં ગ્રામ પંચાયત, શાળા પરિવાર અને ગ્રામજનો તરફથી સન્માનીય વિદાય કાર્યક્રમ યોજવામાં આવેલ.

સમઢીયાળા ગામે મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ પ્રાથમિક શાળાનો સ્ટાફ હાજર રહ્યો હતો.

સરપંચ દેવશીભાઈ સુસરા, ઉપસરપંચ સોનલબેન કાળુભાઈ ડવ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન સંજભાઈ ચાવડા તેમજ પૂર્વ સરપંચ મંજુબેન સુખાભાઈ કોથીવાલ તેમજ અમરબેન ગોરભાઈ ચાવડા, સાગરભાઈ વાનખેડે, વિમલભાઈ અમરેલીયા, શેખભાઈ તેમજ બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારો સરપંચો હાજર રહ્યા હતા. અને તમામે શાલ અને મોમેન્ટો આપી સન્માન કર્યું હતું અને ભારે હૈયે વિદાય આપી હતી સૌ ગ્રામજનો તેમનું ભેટ આપી તેમજ શાલ ઓઢાડીને સન્માન કરી એક ગૌરવની લાગણી અનુભવી હતી અને સાથે સાથે દુઃખની લાગણી એટલી જ મહેસૂસ કરી હતી કે એક ઉમદા વ્યક્તિત્વ કર્મનિષ્ઠ કર્મચારી, યુવા અને ઉત્સાહી, મંત્રી તેઓની ખોટ હર હંમેશ આ ગામને શાલસે કારણ કે સમઢિયાળા ગામને આજ સુધી આવા કોઈ તલાટી નથી મળ્યા જેમને ગામના દરેક વ્યક્તિનાં ગમે તે કામ હોય તો કયારેય બીજો ધક્કો નથી ખવરવ્યો. સચોટ સલાહ સૂચન અને માર્ગદર્શન આ ગામને પૂરૂં પાડયું છે અને જો દવાખાનું કે વિદ્યાર્થીનું કામ હોય તો આપેલ છે. તેઓ આવ્યા પછી ગામના ઘર દીઠ વોટસએપ નંબર લઈને ગ્રામ પંચાયત સમઢિયાળાનું ગૃપ બનાવેલ હતું. તેમાં બધી જ પ્રકારની સરકારની યોજનાકીય માહિતી તેમજ શિક્ષણને લગત માહિતી આપીને સાથ સહકાર આપેલ છે તેમજ ગામમાં કોઈ પણ સારા નરસા પ્રસંગોમાં કે સરકારી કાર્યક્રમાં અંગત રસ લઈ સફળ બનાવી અવશય એમની હાજરી હોતી ગામમાં ભાઈચારાની ભાવનાથી શાંતિમય સુમેળભર્યા સંબંધો ગામ સાથે રાખીને હર હંમેશ ગામના દરેક વ્યકિતને ખુબ જ ઉપયોગી બન્યા છે. ગામનું એક ઘર એવું નથી કે જે બાળકથી લઈને વડીલ સુધી તલાટીને નહિ ઓળખતા હોય અને તેમના જન્મ દિવસે શાળામાં દરેક વિદ્યાર્થીઓને કંઈક ને કંઈક આપીને બાળકોને આંનદ કરાવતા અહી થી વતન તરફ જઈ રહ્યા છીએ. ત્યારે અમારા જ પરિવારના કોઈ સભ્ય અમોને છોડીને જતા હોય તેટલી જ દુઃખની લાગણી સાથે ન છૂટકે છુટ્ટા થવું પડયું છે આજ અમો સમસ્ત ગ્રામજનો સાથે ગામમાં ફરજ સાથે ખુબ જ સારા વ્યકિતગત સબંધો નિભાવીને જઈ રહ્યા છો. ત્યારે આખા ગામે અશ્રુભીની આંખે સન્માનની સાથે વિદાય આપી હતી.

### માત્ર વિકાસની વાતો કરીને જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ

# દામનગરમાં સરકારી મકાનો પડવાનાં વાંકે ઉભા હોય કોઈને ચિંતા નથી

### અધિકારીઓ અને પદાધિકારીઓએ આળશ ખંખેરી જોઈએ




દામનગર, તા. ૧૨

દિલ્હીમાં G – ૨૦ સમિટ યોજાઈ ગઈ, ભારત દેશનો ડંકો વાગ્યો, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે ભારત દેશ આગામી વર્ષોમાં દરેક ક્ષેત્રમાં 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવનાથી પ્રગતિશીલ બનશે. વાત ૧૦૦% સાચી. આ સમિટમાં ભાગ લેવા આવેલા વિવિધ દેશના વડાઓએ ભારત દેશની સરાહના કરી.પણ જયારે દામનગર શહેરમાં આવેલ ૧૩૦ વર્ષ જૂની મિલકતો જેવી કે પોલીસ સ્ટેશન,ના.મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરી જાળવણી કરવામાં સરકારી તંત્ર ઊણું ઉતર્યુ છે. આ ત્રણેય ઈમારતો વરસોથી બિન ઉપયોગી છે. પડુ – પડુ થઈ રહી છે. અમરેલી કલેકટરને આ ત્રણેય ઈમારતોની માહિતી નથી..!!? એવી ચર્ચા થતી હોય છે કે કોઈને કાઈ પડી નથી..!! તો શું આ ત્રણેય જર્જરિત બનેલી ઈમારતો કોઈનો ભોગ લેશે પછી, તંત્ર કાર્યવાહી કરશે કે..!!? કે દામનગર શહેરની જીલ્લા તંત્રને કાઈ પડી નથી. સ્થાનિકથી લઈને જીલ્લા પંચાયતમાં ભા.જ.પ.નું શાસન છે. કે વિકાસમાં ગળાડૂબ છે..!!

### દિવ્યાંગ દિપ સેવા ચેરિટેબલ ટ્રસ્ટની રજૂઆત

# અમરેલી જિલ્લા સહિત રાજયભરનાં દિવ્યાંગોની માંગ પૂર્ણ કરવા માંગ

### રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવવામાં આવ્યો

અમરેલી, તા. ૧૨

અમરેલીનાં દિવ્યાંગ દિપ સેવા ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ નૈનિતસિંહ રાઠોડે રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાત રાજયની દિવ્યાંગ સંસ્થાઓ દ્વારા અનેકવાર રજૂઆત કરવામાં આવેલ હોઈ તેમ છતાં દિવ્યાંગોનાં મુદ્દા ઉપર સંતોષકારક જવાબ મળેલ નથી તો સરકારને દિવ્યાંગો પ્રત્યે નીચે આપેલા ૬ મુદ્દા ઉપર તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી વિનંતી છે.

૧. સરકારની યોજનામાં દિવ્યાંગ પેન્શન તેમજ તમામ માટે બીપીએલ અંગેનાં ૦ થી ૧૬ નો સ્કોર માંગવામાં આવે છે તે સંપૂર્ણપણે નાબૂદ કરવા, ગ્રામીણ વિસ્તારમાં બીપીએલ અને શહેરી વિસ્તારમાં સૂવર્ણ જયંતીકાર્ડ બંને નાબૂદ કરવા તેમજ દિવ્યાંગ તથા ગંગા સ્વરૂપ મહિલાઓને અંત્યોદય કાર્ડ આપવા.

૨. સરકાર દ્વારા તમામ દિવ્યાંગો માટે આવાસ યોજનાનો નિયમ લાગુ કરવો. જેથી કરી દિવ્યાંગ વ્યકિતઓને રહેવા માટે પોતાનું મકાન બની શકે.

૩. જે દિવ્યાંગ હોઈ તેમજ ગંગાસ્વરૂપ બહેનો તેઓને રહેવા માટે મકાન હોય તેઓને વીજળી બિલ તેમજ વેરાબીલમાં ૫૦%ની રાહત આપવી.

૪. દિવ્યાંગો માટે સરકારનાં ઠરાવ મુજબ વિકલાંગધારો ૧૯૯૫ મુજબ દિવ્યાંગ લોકો પોતાનાં ઘરનાં પરિવારનો ગુજરાન ચલાવી શકે તે માટે પોતાનાં ધંધા રોજગાર માટે જગ્યા ફાળવવામાં આવે.

૫. દિવ્યાંગ વ્યકિતઓને રકારી ઓફિસમાં હોસ્પિટલ તથા બેન્ક તેમજ રેશનીંગ દુકાન ઉપર લાઈનમાં ન ઉભું રહેવું પડે જેને અગ્રતા આપી તમામ દિવ્યાંગોનાં કામ તાત્કાલિક ધોરણે થાય તેવી નોંધ લેવી.

૬. ગુજરાતમાં દિવ્યાંગ અંગેની ૨૧ પ્રકારની જાતિ આવે છે. જેમાં તમામ દિવ્યાંગોને ૪૦% થી રૂપિયા ૫૦૦૦/–(પાંચ હજાર)નું પેન્શન આપવું તેમ અંતમાં જણાવેલ છે.

# શ્રી ઓળિયા પે. સેન્ટર શાળામાં ગણિત–વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



સાવરકુંડલા, તા. ૧૨

ઓળિયા પે.સેન્ટર શાળા કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન(વિજ્ઞાન મેળો) ૨૦૨૩/૨૪ નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્ય અનિલભાઈ એચ. ટાંક દ્વારા આ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી. અને શાળાનાં વિજ્ઞાન શિક્ષક અશ્વિનભાઈ ડી. શેલારે વિદ્યાર્થીઓને કૃતિ બનાવવા માટે માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. શાળાનાં શિક્ષક બહેનો લક્ષ્મીબેન કે. ગોળકીયા, રસીલાબેન એમ. રાઠોડ, નીરૂબેન એલ. જોષી, નયનાબેન આર. પરમાર અને જલ્પાબેન બી. પોન્દાએ બોર્ડ વર્ક, કૃતિઓની ગોઠવણી, કૃતિઓને લેબલ જેવી કામગીરી કરી હતી. ઉપરાંત આ બહેનો દ્વારા નિર્ણાયકની કામગીરી પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક વિજ્ઞાનમેળામાં ભાગ લીધો હતો અને અલગ અલગ પાંચ વિભાગ ૧૫ જેટલી કૃતિઓ રજૂ કરી હતી. શાળાની એસ.એમ.સી. કમિટીનાં અધ્યક્ષ, સભ્યો, વિદ્યાર્થીઓનાં વાલીઓ અને ગ્રામજનોએ શાળામાં હાજરી આપી હતી અને આ પ્રદર્શન નિહાળ્યું હતું. નિર્ણાયકો દ્વારા પસંદ કરવામાં આવેલ શ્રેષ્ઠ કૃતિઓને સી.આર.સી. કક્ષાનાં પ્રદર્શનમાં મોકલવામાં આવશે.

# વડિયા : કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવાયું



વડીયા, તા. ૧૨

સ્વામિનારાયણ સંપ્રદાયના બ્રહ્મસ્વરૂપ સ્વામીએ નાથ સંપ્રદાય ઉપર કરેલ ટિપ્પણી બાબતે રોષ ઉઠયો. તેમજ પી.કે. પીઠડીયા દ્વારા ઈન્સ્ટાગ્રામ સોસીયલ મીડિયાના માધ્યમથી વિડિયો અપલોડ કરી સનાતનિઓની લાગણી દુભાવી હતી ત્યારે વડિયા–કુંકાવાવ સમગ્ર તાલુકાભરના કાઠી ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામાં વડિયા ખાતે ઉપસ્થિત રહી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

મામલતદાર કચેરી ખાતે તાલુકાભરના કાઠી ક્ષત્રિય સમાજના આગેવાનો અને હોદ્દેદારોએ રોષભેર આવેદનપત્ર આપ્યું. સનાતીઓની લાગણી દુભાવનાર સામે ફરિયાદ દાખલ કરવાની માંગ અને જરૂર પડેતો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન પણ કરીશું. રામદળ અને શિવદળને માનનારો અમારો સમાજ છે.

તાલુકાભરના કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવી ઉચારી ચીમકી. આ તકે કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ વાસુરભાઈ વાળા, ઉપપ્રમુખ સુખાભાઈ વાળા, ઉમેદભાઈ બસીયા, મંગળુભાઈ વાળા, રાણીકભાઈ વાળા, તખુભાઈ બસીયા, કનુભાઈ કહોર, જોરૂભાઈ કહોર, ભગુભાઈ બોરીચા, અજયભાઈ વાળા, રાજુભાઈ વાળા, ભીખુભાઈ બસીયા સહિતના અનેક કાઠી ક્ષત્રિય સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### નેહરૂ યુવા કેન્દ્ર દ્વારા સુંદર આયોજન

# અમરેલી : ગાંધીજી અને શાસ્ત્રીજી જન્મ જયંતિ અવસરે જિલ્લા કક્ષાની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન

અમરેલી, તા.૧૨

ભારત સરકારનાં યુવા કાર્યક્રમ અને રમત ગમત મંત્રાલયનાં સંલગ્ન કાર્યરત અમરેલી નેહરૂ યુવા કેન્દ્ર દ્વારા તા.૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૩નાં રોજ જિલ્લા કક્ષાની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તા. ૨ ઓકટોબર, ૨૦૨૩ નાં રોજ ગાંધીજી–શાસ્ત્રીજી જન્મ જયંતી અવસર પર રાષ્ટ્રીય કક્ષાનું વકતૃત્વ સ્પર્ધાનું આયોજન ભારતનાં દિલ્લી સ્થિત સંસદ ભવન ખાતે કરવામાં આવશે. રાષ્ટ્રીય કક્ષાનાં કાર્યક્રમ માટે યુવાનોની પસંદગી જિલ્લા કક્ષાનાં વકતૃત્વ કાર્યક્રમના માધ્યમથી કરવામાં આવશે. તા.૧ ઓકટોબર ૨૦૨૩નાં રોજ ૧૮ થી ૨૯ વર્ષના અને અમરેલી જિલ્લાના નિવાસી હોય તેવા આ સ્પર્ધામાં ભાગ લેવા પાત્ર છે. જિલ્લા કક્ષાની સ્પર્ધા હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં આયોજિત કરવામાં આવશે.

જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ઓનલાઈન કરવામાં આવશે. જિલ્લા કક્ષાની સ્પર્ધાનો વિષય 'વર્તમાન કાળમાં ગાંધીજીના વિચારોની મહત્તા' છે. રજિસ્ટ્રેશનની છેલ્લી તા.૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ છે, રજિસ્ટ્રેશન માટે લિંક http://forms.gle/hqpuchvgxgnrrgs9 છે. આ અંગેની વધુ વિગતો અને માહિતી માટે યુવાનોએ જિલ્લા યુવા અધિકારીની કચેરી, નહેરૂ યુવા કેન્દ્ર અથવા કચેરીનાં નંબર (૦૨૭૯૨) ૨૨૮૫૯૯ ઉપર સંપર્ક કરવો. તેમ અમરેલી નહેરૂ યુવા કેન્દ્રનાં જિલ્લા યુવા અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### તાલુકા કોંગી ઉપપ્રમુખ વિપુલ પોકિંયાની માંગ

# અમરેલીનાં મોટા માચીયાળા ગામથી શેડુભાર ગામ વચ્ચે જંગલ કટિંગ કરો

### માર્ગ–મકાન વિભાગનાં અધિકારીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૧૨

અમરેલી તાલુકા કોંગી ઉપપ્રમુખ વિપુલ પોકિંયાએ માર્ગ–મકાન વિભાગનાં અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, મોટા માચીયાળાથી શેડુભાર વચ્ચે આવેલ રોડ પર ગાંડા બાવળ રોડ ઉપર આવી ગયેલ હોય. જેનાથી અવાર–નવાર અકસ્માતોનું પણ સર્જન થતું હોય અને રાત્રી દરમિયાન વાહન ચાલકોને આવવા–જવામાં ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તેથી આ સરસ્યાનો વહેલીતકે ઉકેલ લાવવા અંતમાં માંગ કરેલ છે.

# લીલીયા મોટા : શ્રી પ્રગતિ સેવિંગ્સ એન્ડ સોસાયટી દ્વારા જીવન સુરક્ષા સમારોહ યોજાયો



લીલીયા લેઉવા પટેલ સમાજની વાડી ખાતે સોસાયટી દ્વારા સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણીનાં ૭૦ માં વર્ષની ઉજવણીનાં ભાગરૂપે તારીખ ૧૨/૯/૨૦૨૩ ને મંગળવાર સવારનાં ૧૦:૦૦ કલાકે જિલ્લા પોલીસ વડા હિમકરસિંહની અધ્યક્ષતામાં જીવન સુરક્ષા સમારોહ યોજાઈ ગયો હતો. આ પ્રસંગે સૌપ્રથમ સંસ્થાનાં વાઈસ ચેરમેન પ્રકાશભાઈ વિરાણીએ આમંત્રિત મહેમાનો અને સંસ્થાનાં સભાસદોનું શાબ્દિક સન્માન કરેલ. ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષ હિમકરસિંહ, ડીવાયએસપી હરેશ વોરા, ડીવાયએસપી જે.પી ભંડેરી, પીએસઆઈ ગોહિલ સહિત સંસ્થાનાં ચેરમેન ભાવેશ રાદડિયાનાં હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ. આ તકે સંસ્થાનાં ચેરમેન ભાવેશ રાદડિયા, પ્રકાશભાઈ વિરાણી સહિતનાં ડિરેકટરોએ એસપી હિંમકરસિંહ સહિતના પોલીસ અધિકારીઓનું શાલ અને મોમેન્ટોથી સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ સંસ્થાનાં ચેરમેન ભાવેશ રાદડિયાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં પોતાના સહકાર અને સહકારી ક્ષેત્રના ભીષ્મપિતા દિલીપભાઈ સંઘાણીનાં ૭૦ માં વર્ષની ઉજવણીનાં ભાગરૂપે વર્ષ દરમિયાન જુદા જુદા મહિનાની ૧૨ તારીખે લોકોને ઉપયોગીતા માટે કાર્યક્રમોનું આયોજન કરેલ છે. જેના ભાગરૂપે આજે જીવન સુરક્ષા સમારોહનું આયોજન કરી માણસના જીવનનું મૂલ્ય ધ્યાનમાં લઈ ૨૦૦ પોલીસકર્મી અને ૧૨૦૦ સંસ્થાનાં સભાસદોને હેલ્મેટનું વિતરણ કરવામાં આવેલ છે. સમગ્ર કાર્યક્રમ સહકારી ક્ષેત્રે પ્રેરણા રૂપ બની રહેશે અને અંતમાં એવું જણાવ્યું હતું કે સંસ્થાએ હેલ્મેટ પોલીસથી બચવા નહીં જીવન સુરક્ષાને ધ્યાનમાં લઈ વિતરણ કરાયા છે. ત્યારબાદ ડીવાયએસપી હરેશ વોરાએ સંસ્થાનો આભાર વ્યકત કરીને જે લોકોને અહીંથી હેલ્મેટ પ્રાપ્ત થઈ રહ્યા છે. તે લોકો વાહન ચલાવતી વખતે પૂરતો ઉપયોગ કરે તેવી અપીલ કરી હતી. ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષ પોલીસવડા એ સંસ્થાનાં ચેરમેન ભાવેશ રાદડિયાનો આભાર વ્યકત કરતા જણાવ્યું હતું કે અમરેલી જિલ્લામાં વર્ષ દરમિયાન જુદા જુદા ગુનામાં લોકોના મૃત્યુ થાય છે તેના કરતાં દસ ગણા વધારે રોડ અકસ્માતમાં લોકો મૃત્યુપામે છે મોટાભાગના હેલ્મેટ નહીં પહેરનાર વ્યકિતઓના કારણે જ થાય છે. કાર્યક્રમનાં અંતે સંસ્થા દ્વારા એક બાઈક રેલીનું આયોજન કરવામાં આવેલ. જેનું પ્રસ્થાન સંસ્થાનાં ડિરેકટર અને તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભીએ કરાવેલ. આ તકે મોટી સંખ્યામાં સહકારી રાજકીય અને વિવિધ સમાજના આગેવાનો ઉપસ્થિત રહેલ સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા તુષારભાઈ ધોરાજીયા, ભુપતભાઈ ધામત, ભરતભાઈ ગરાણીયા સહિત મેનેજર ભદ્રેશભાઈ અને તમામ સંસ્થાનાં બોર્ડ ઓફ ડિરેકટરોએ જહેમત ઉઠાવેલ હતી. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## ગાંધીનગરનાં મુલસાણા કૌભાંડને લઈને કોંગી નેતા અમિત ચાવડા આક્રમક

# રૂપિયા ૨૦ હજાર કરોડનાં મહાકાય કૌભાંડ સામે કરાશે આંદોલન

**સડકથી લઈને વિધાનસભા સુધી લડત લડી લેવાનું આહ્‌વાન કરવામાં આવ્યું**

**ગણોતિયાનાં ન્યાય અને અધિકાર અપાવવા તેમજ જમીન રી-સર્વેમાં કથિત ગેરરીતિ સામે પણ જનઆક્રોશ**

**કોંગી નેતાનાં જનમંચ કાર્યક્રમમાં જુદા-જુદા વિસ્તારમાંથી ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં**

**આગામી લોકસભાની ચૂંટણી પહેલા ભાજપ સરકારની અનેક ગેરરીતિને ઉજાગર કરવાની તૈયારી**





ગાંધીનગર, તા. ૧૨

જનમંચના પ્રણેતા અમિત ચાવડાની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે જનમંચ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં દાહોદ, માણસાના ભારતમાલા પ્રોજેક્ટમાં જમીન રી-સર્વેના અસરગ્રસ્ત આદિવાસી ભાઈ-બહેનો પોતાની વ્યથા ઠાલવી સરકાર દ્વારા થતાં અન્યાય સામે લેખિત ફરિયાદો આપી.

મહેસાણા સરકારી તળાવોની જગ્યા બિલ્ડરો દ્વારા પચાવી લેતા તેની સામે લડતા ગ્રામજનો આજે મોટી સંખ્યામાં ઉપરોકત બાબતે રજૂઆત કરવા જનમંચ પરપહોચ્યા.

આજરોજ ગાંધીનગર ખાતે જનમંચ કાર્યક્રમમાં વહિવટી અને સત્તાપક્ષની મિલીભગતથી ગાંધીનગર મુલસાણા ગામની ૨૦,૦૦૦ કરોડની જમીન કૌભાંડની ફરિયાદ કરવા માટે મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો આવી પહોંચ્યા અને પોતાની વ્યથા ઠાલવી.

આ સિવાય સુરેન્દ્રનગર, મહેસાણા જીલ્લાના સ્થાનિક ગ્રામ્ય આગેવાનો દ્વારા પણ ભાજપના શાસનમાં લાખો હેકટર ગૌચરની જમીન પોતાના મળતિયા ભૂમાફિયા અને બિલ્ડરોને પધરાવી દઈ કરોડો રૂપિયાના જમીન કૌભાંડની લેખિત ફરિયાદો આપવામાં આવેલ.

ઉપરોકત કાર્યક્રમમાં જનમંચના પ્રણેતા અમિત ચાવડા દ્વારા ઉપરોકત ફરિયાદો સ્વીકારી આવનાર દિવસોમાં આ બાબતે સડકથી લઈ વિધાનસભા સુધી જન આંદોલન દ્વારા જમીન કૌભાંડને ઉજાગર કરી ખેડૂત અને ગણોતિયાના હક્ક અધિકાર માટે ન્યાયની લડાઈ લડી લેવા આહવાન કરવામાં આવેલ. અમિત ચાવડાએ જણાવેલ કે, ગાય માતાના નામે ચરીને સરકારમાં આવેલા કૌભાંડી પાડાઓ ગૌચરની જમીન અને ગ્રામ્ય તળાવોની જમીન પચાવવાનું સુનિયોજિત ષડયંત્ર ચલાવી રહયા છે જેની સામે અવાજ ઉઠાવવો જરૂરી છે. જેમાં જવાબદાર વિપક્ષ તરીકે કોંગ્રેસ પક્ષ અને તેનાં ધારાસભ્યો આપ સૌની આ લડાઈમાં આપની સાથે જ છે અને દોષિતોને ખુલ્લા પાડી ન્યાય ના મળે ત્યાં સુધી લડવા તત્પર છે.

આ જનમંચ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ, ધારાસભ્ય જીગ્નેશ મેવાણી (વડગામ), ધારાસભ્ય ગેનીબેન ઠાકોર (વાવ), ધારાસભ્ય વિમલ ચુડાસમા (ગીર -સોમનાથ), ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ (લુણાવાડા), ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઋત્વિજ મકવાણા, પૂર્વ ધારાસભ્ય ભરતજી ઠાકોર, પુર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર અને ગુજરાત કિસાન કોંગ્રેસના ચેરમેન પાલ આંબલીયા અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવકતા ડો. અમિત નાયક ઉપસ્થિત રહ્યા હતાં.

---

### પાલિકા પ્રમુખની ઉપસ્થિતિમાં

## બાબરાની વિવેકાનંદ વિધાલયમાં જન્માષ્ટમી પર્વની આસ્થાભેર ઉજવણી

**તેજસ્વી વિધાર્થીઓનું સન્માન કરાયું**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા



બાબરા, તા. ૧૨

બાબરામાં શ્રી વિવેકાનંદ વિધાલયમાં જન્માષ્ટમીનાં પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. અહીં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા એક થીમ પર શ્રી કૃષ્ણલયનું સંગીત આધારિત નાટક ભજવ્યું હતું. જેમાં શાળામાં અભ્યાસ કરતા બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

નગરપાલિકા પ્રમુખ લલિતભાઈ આંબલિયા સહિત સ્થાનિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં વાલીઓ અને વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોમ્પિટિશન વર્ષ ૨ થી ૫, ચિત્ર સ્પર્ધા ધોરણ ૧ થી ૮, નિબંધ સ્પર્ધા ધોરણ ૬ થી ૮, માર્ચ ૨૦૨૩ માં બોર્ડ પરીક્ષામાં તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન સોળીયા માહીને ૭૫ %, દ્વિતીય અગ્રાવત અર્ચનાને ૫૦ અને તૃતીય ગોહિલ પાર્થને ૨૫ % ફી ની રકમ પરત કરવામાં આવી. તેમજ વેષભૂષા પરિધાનમાં ૧ થી ૩ નંબર મેળવનારને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા. શાળાના મુખ્ય ટ્રસ્ટી ભાર્ગવભાઈ ભડાણીયાના માર્ગદર્શન હેઠળ સમીરભાઈ દવે સહિતનાં શિક્ષક મિત્રો દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના પ્રકાશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

---

## લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા શરબત વિતરણ કરવામાં આવ્યું



અમરેલી, તા. ૧૨

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા જન્માષ્ટમીનાં પર્વ નિમિત્તે રાજકમલ ચોક ખાતે નીકળેલ શોભાયાત્રાનાં ધાર્મિકજનોને તથા શહેરનાં નગરજનો માટે શરબત વિતરણનો કાર્યક્રમ રાખેલ. આશરે ૧૫૦૦(પંદરસો) શરબદતનાં ગ્લાસનું વિતરણ કરવામાં આવેલ અને આ રીતે જન્માષ્ટમી પર્વ ઉજવેલ. આ તકે લા. પ્રમુખ કૌશિક હપાણી, લા. ખજાનચી રજનીકાંત ધોરાજીયા, કાંતિલાલ વઘાસીયા, દિનેશભાઈ ભુવા, રાજુભાઈ પરિખ, જયસુખભાઈ ઢોલરીયા, નનુભાઈ તળાવીયા, જગદીશ તળાવીયા, ગોરધનભાઈ માદલીયા, પ્રકાશભાઈ સેંજલીયા, જગદીશભાઈ ધરજીયા, ભીખુભાઈ કાબરીયા, જીતુભાઈ સોંડાગર, હરેશ ધોરાજીયા, બકુલભાઈ ભટ્ટ, રાજેશ ઝાલાવાડીયા, મંગળાબેન ગોહિલ તથા અન્ય લાયન્સ કલબનાં સદસ્યો દ્વારા કાર્યક્રમ સફળ બનાવેલ. તેમ કલબ યાદીમાં રાજુભાઈ પરિખ જણાવે છે.

---

## વડેરા જનતા વિધાલયમાં શિક્ષક દિનની ઉજવણી

વડેરા, તા.૧૨

જનતા વિધાલય - વડેરા ખાતે શિક્ષકા દિન ઉજવવામાં આવેલ આચાર્ય લઈને સેવક સુધીની ભુમિકા વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ નિભાવેલ હતી.

કુલ ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. શાળાનાં આચાર્ય મુકુંદભાઈ મહેતાએ પ્રાસંગિક પ્રવચન આપેલ.

સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન, નિર્ણાયક તરીકેની કામગીરી શિક્ષક પંકજભાઈ દેવમુરારીએ કરેલ શિક્ષક દિન નિમિતે આચાર્યા તરીકે કુ.દેથળિયા મિતલ તેમજ સેવક તરીકે માધડ દર્શન, હેલૈયા સાહિલે ભૂમિકા ભજવેલા હતી.

શિક્ષક દિન સંદર્ભે શ્રેષ્ઠ શિક્ષક તરીકે પ્રથમ કુ.માધડ વાંશિકા, દ્વિતિય - કિકાણીદક્ષ અને તૃતિય : કુ.માધડ હર્ષિતા આવેલ. શિક્ષક દિનમાં ભાગ લોનાર તમામને પ્રમાણપત્રો તેમજ ઈનામો શાળા પરિવાર તરફથી આપવામાં આવેલ હતા.


''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭



- ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર ▪ સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫



આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999






ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી.

### ઈસરોને તાજેતરમાં બે મહત્વપૂર્ણ સફળતા મળી છે

# ચંદ્રયાન-૩, આદિત્યની સફળતા બાદ ઈસરોની નજર ગગનયાન-૧ મિશન પર

## ગગનયાન-૧ મિશન હેઠળ ભારત પહેલી વખત માનવીને અંતરિક્ષમાં મોકલશે, આ એક અત્યંત જટિલ અને જોખમી મિશન હશે

નવી દિલ્હી, તા.૧૨

ભારતે અંતરિક્ષમાં પોતાની કેપેસિટી સાબિત કરવા માટે વધુ એક મિશન પર કામ શરૂ કરી દીધું છે. આ વખતે ભારત અંતરિક્ષયાત્રીઓને સ્પેસમાં મોકલશે. તેના ભાગરૂપી એસ્ટ્રોનોટ્સને તાલીમ આપવામાં આવી છે જેમણે ત્રણ દિવસ સુધી સ્પેસમાં રહેવાનું રહેશે. પ્રોજેક્ટમાં કોઈ ખામી ન રહી જાય તે માટે ક્વોલિટી કન્ટ્રોલના ચૂસ્ત ધોરણો લાગુ કરવામાં આવશે.

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા ઈસરોએ તાજેતરમાં બે મોટી સફળતાઓ મેળવ્યા પછી તેણે વધુ એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે તૈયારી આદરી દીધી છે. ગયા મહિને ભારતે ચંદ્રયાન-૩ને ચંદ્રના સાઉથ પોલ પર સફળ રીતે ઉતરાણ કરાવ્યું હતું. ત્યાર પછી સૂર્યના સંશોધન માટે આદિત્ય એલ-૧ને પણ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું છે. હવે ઈસરોની નજર ગગનયાન-૧ મિશન પર છે. ગગનયાન-૧ મિશન હેઠળ ભારત પહેલી વખત માનવીને અંતરિક્ષમાં મોકલશે.

આ એક અત્યંત જટિલ અને જોખમી મિશન હશે. આ પ્રોજેક્ટ માટે પ્રિસિઝન ટૂલ્સ અને કમ્પોનન્ટ બનાવવાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. સીટીસીસી ભુવનેશ્વર ખાતે આ ટૂલ્સ બનાવવામાં આવી રહ્યા છે. ભારતના અંતરીક્ષ કાર્યક્રમમાં ગગનયાન ૧ મોટી સિદ્ધિ ગણાશે.

ગગનયાન એ માનવીને સ્પેસમાં મોકલવાનો પ્રોગ્રામ હશે તેથી તેમાં ખાસ કાળજી રાખવી પડશે અને કોઈ પણ જગ્યાએ જરાય ચૂક ન થાય તે જોવાનું રહેશે. ટોચના અધિકારીઓએ જણાવ્યું કે ગગનયાન માટે જુદી જુદી સિસ્ટમ બનાવવા માટે જે સ્પેશિયલ મેટલ અને એલોયની જરૂર પડે છે તે બધું ઈસરોને ડિલિવર કરી દેવાયું છે. ગગનયાન હેઠળ અંતરિક્ષમાં રોકેટ મોકલતા પહેલાં તમામ સાધનોનું પરીક્ષણ કરવામાં આવશે. ગગનયાન માટે કોઈ ચીજમાં કચાશ ન રહી જાય તે માટે રો મટિરિયલમાં ૧૦૦ ટકા શુદ્ધતા હોવી જરૂરી છે. તેથી ક્વોલિટી કન્ટ્રોલ અંગે ખાતરી થાય ત્યાર પછી જ આ મિશનને રવાના કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૮માં સ્વતંત્રતા દિવસની સ્પીચમાં કહ્યું હતું કે ભારત ગગનયાન દ્વારા માનવીને અંતરિક્ષમાં મોકલવાની યોજના ધરાવે છે. તે સમયે ગગનયાનને ૨૦૨૨માં લોન્ચ કરવાની યોજના હતી, પરંતુ કોવિડના કારણે યોજનાને અસર થઈ હતી. હવે ૨૦૨૪ની શરૂઆતમાં જ ગગનયાન-૧ અંતરિક્ષમાં જાય તેવી સંભાવના છે. ગયનયાન મિશન માટે અંતરિક્ષયાત્રીઓને જરૂરી ટ્રેનિંગ આપી દેવામાં આવી છે. અંતરિક્ષયાત્રીઓ ત્રણ દિવસ સ્પેસમાં વિતાવશે.

ગગનયાનમાં માનવીને સ્પેસમાં મોકલવામાં આવે તે અગાઉ તેનો ડ્રાય રન કરવામાં આવશે. તેમાંથી એક ડ્રાય રન પેલોડ સાથે હશે અને એક ડ્રાય રન પેલોડ વગર હશે. બેંગલુરુ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ ખાતે ગગનયાન માટે બાયોલોજિકલ પેલોડ વિકસાવવામાં આવી રહ્યો છે.

ગગનયાન માટેના બાયોલોજિકલ પેલોડમાં એક બોક્સમાં બેક્ટેરિયા ડેવલપ કરાયા છે. તેના દ્વારા અંતરિક્ષમાં જીવન પર કેવી અસર થાય છે તે જાણવામાં આવશે. આદર્શ રીતે આ બેક્ટેરિયા પર ચંદ્ર અથવા મંગળ પર સ્ટડી થવો જોઈએ, પરંતુ હાલ પૂરતો લો-અર્થ ઓર્બિટમાં અભ્યાસ કરવામાં આવશે. ભારતીય સ્પેસ પ્રોગ્રામ હવે પરંપરાગત નથી રહ્યો, પરંતુ તેમાં વિજ્ઞાનની ઘણી શાખાઓ જોડાઈ રહી છે.

### ટામેટા ૮૦ પૈસા કિલોએ ખરીદવા કોઈ તૈયાર નથી!

# ૩૦૦ રૂપિયા કિલો વેચાતા ટામેટા હવે ૮૦ પૈસા પ્રતિ કિલો

## રાજધાનીનાં એક શહેરમાં, ખેડૂતોને ટામેટાં ફેંકી દેવાનાં ભાવે વેચવા પડે છે :અહીં એક કિલો ટામેટા ૮૦ પૈસા છે

લાતુર, તા.૧૨

એક સમયે ૩૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાતા ટામેટાના ભાવ હવે સામાન્ય થઈ ગયા છે. દેશમાં સામાન્ય લોકોને ૩૦ થી ૪૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ટામેટાં મળી રહ્યા છે, પરંતુ ખેડૂતોની ટેન્શન વધી ગઈ છે. ખેડૂતોને ટામેટાનો પાક નકામા ભાવે વેચવાની ફરજ પડી રહી છે.મહારાષ્ટ્રના લાતુરમાં ખેડૂતોની હાલત એવી છે કે તેમને ટામેટાનો પાક માત્ર ૮૦ પૈસા પ્રતિ કિલોના ભાવે વેચવો પડે છે.

જથ્થાબંધ બજારમાં તેના ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે, જેના કારણે ખેડૂતો ટામેટાના પાકનો ખર્ચ વસૂલ કરી શકતા નથી. લાતુરના એક ખેડૂતનું કહેવું છે કે તેણે ૨ થી ૩ હેક્ટરમાં ટામેટાંની ખેતી કરી હતી જેથી તેને સારો નફો મળી શકે. આ પાક તૈયાર કરવા માટે ૨ થી ૩ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે, પરંતુ હવે સ્થિતિ એવી છે કે તેઓ પોતાનો ખર્ચ પણ વસૂલ કરી શકતા નથી. ખેડૂતોએ તેની સામે વાંધો ઉઠાવ્યો છે અને રસ્તા પર ટામેટાં ફેંકીને વિરોધ કર્યો છે. ખેડૂતોએ સરકારને તેના યોગ્ય ભાવ મળે તેવી અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા જ ટામેટાંના ભાવ આસમાને પહોંચ્યા હતા. ભારે વરસાદ અને પુરવઠાના અભાવને કારણે દેશમાં ટામેટાંનો ભાવ ૨૦૦ થી ૩૦૦ રૂપિયાની આસપાસ પહોંચી ગયો હતો.

આવી સ્થિતિમાં, મોટો નફો મેળવવા માટે, મોટાભાગના સ્થળોએ ટામેટાની ખેતી શરૂ થઈ, જેની અસર ઉપજ પર પડી. વધુ ઉત્પાદનને કારણે ટામેટાંનો પુરવઠો વધ્યો છે. સપ્લાય ચેઈન ફરી શરૂ થતાં, ટામેટાં મોટી માત્રામાં બજારોમાં પહોંચવા લાગ્યા. જેના કારણે ટામેટાંના ભાવમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. કેન્દ્રીય કૃષિ મંત્રાલયના ડેટા પર નજર કરીએ તો ૨૦૦૫-૦૬માં ૫,૪૭,૦૦૦ હેક્ટરમાં ખેતી થઈ હતી જ્યારે ઉત્પાદન ૯૯,૬૮,૦૦૦ હેક્ટર સુધી હતું. જ્યારે સત્ર ૨૦૨૨-૨૩માં ટામેટાની ખેતી ૮,૬૪,૦૦૦ એકરમાં થઈ હતી અને ઉત્પાદન વધીને ૨,૬૨,૦૦૦ એકર થઈ ગયું હતું. આ અંદાજ ૨૦૨૩-૨૪માં બમણો થવા જઈ રહ્યો છે. ટામેટાંને યોગ્ય ભાવ ન મળવાનું આ મુખ્ય કારણ છે.

### રાજસ્થાનમાં ચૂંટણીને લઈને રાજકારણ ગરમાયું

# રાજસ્થાનના સીએમ અંગે સોનિયા, રાહુલ-ખડગેનો નિર્ણય અંતિમ : પાયલોટ

## ગેહલોત કે પાયલોટ જૂથ આ અંગે નિર્ણય લેશે નહીં, કોઈપણ પ્રકારનો જૂથવાદ કોંગ્રેસને નુકસાન પહોંચાડી શકે છે

જયપુર, તા.૧૨

આ વર્ષના અંત સુધીમાં રાજસ્થાનમાં ચૂંટણી યોજવાની છે. જેન લઈ રાજકારણ ગરમાયું છે. તમામ પક્ષો દ્વારા સતા પર આવવા માટે જોરશોર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન સચિન પાયલોટનું એક મોટું નિવેદન સામે આવી રહ્યું છે.

કોંગ્રેસના નેતા સચિન પાયલોટે આગામી મુખ્યમંત્રી કોણ હશે તે અંગે મોટો દાવો કર્યો છે. તેમણે આ બાબતે જણાવ્યું કે, રાજસ્થાનમાં આગામી મુખ્યમંત્રી કોણ હશે તે અંગે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનો નિર્ણય અંતિમ ગણવામાં આવશે. ગેહલોત કે પાયલોટ જૂથ આ અંગે નિર્ણય લેશે નહીં. એટલું જ નહીં, પાયલોટે જણાવ્યું કે, કોઈપણ પ્રકારનો જૂથવાદ કોંગ્રેસને નુકસાન પહોંચાડી શકે છે.

સચિન પાયલોટે વધારેમાં જણાવ્યું કે, સરકારના પુનરાવર્તનના કિસ્સામાં, ધારાસભ્યો નક્કી કરશે કે મુખ્યમંત્રી કોને બનાવવા. ધારાસભ્યો ઉપરાંત સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે દ્વારા નક્કી કરવામાં આવેલ નામ પર સીએમની મહોર લાગવામાં આવશે. કાર્યકરો અને સમર્થકોએ સમજવું પડશે કે આપણી પહેલી પ્રાથમિકતા કોંગ્રેસની સરકાર બનવાની હોવી જોઈએ. જૂથવાદને કારણે કોંગ્રેસને નુકસાન થઈ શકે છે. આપણે જીતવા માટે જૂથવાદની અવગણના કરવી જરૂરી છે.

રાજસ્થાનના સીએમ અશોક ગેહલોત અને સચિન પાયલટ વચ્ચે ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. થોડા સમય પહેલા આ કડવાશ ઘણી હદે વધી ગઈ હતી. સીએમ ગેહલોતે પણ પાયલટને નકામા, નાલાયક અને દેશદ્રોહી કહ્યા હતા. પોતાના જ પક્ષની સરકારમાં ભ્રષ્ટાચારના મુદ્દે પાયલોટે હડતાળ પર બેસીને પદયાત્રા પણ કાઢી હતી. જો કે, કોંગ્રેસ ચૂંટણી પહેલા જૂથવાદને દૂર કરવામાં સફળ રહી હતી. પાયલોટને સંતુષ્ટ કરવા કોંગ્રેસ નેતૃત્વએ જાહેરાત કરી હતી કે, તેઓ મુખ્યમંત્રી પદ માટે કોઈ ચહેરો રજૂ કર્યા વિના ચૂંટણીમાં ઉતરશે. બંને નેતાઓને એક થઈને ચૂંટણી મેદાનમાં ઉતરવા અને નિવેદનો આપવાનું તાત્કાલિક બંધ કરવા જણાવ્યું હતું. એટલું જ નહીં, તાજેતરમાં જ પાયલટને તાલીમ આપવા માટે વર્કિંગ કમિટીમાં પણ સ્થાન આપવામાં આવ્યું હતું.

### ભાજપને લોકસભાની ચૂંટણીની તૈયારીઓ વચ્ચે આંચકો

# ગુજરાત ભાજપના દિગ્ગજ નેતા પંકજ ચૌધરીનું રાજીનામું

## મહેસાણાના વતની પંકજ ચૌધરીએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું, કારણ અંગે માહિતી સામે આવી નથી

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં ભાજપ આગામી લોકસભાની ચૂંટણી માટે પુરજોષમાં તૈયારી કરી રહી છે ત્યારે હવે પ્રદેશ ભાજપના મંત્રી પદેથી પંકજ ચૌધરીએ રાજીનામુ આપી દીધુ છે.

જો કે આ રાજીનામું ક્યા કારણોસર આપ્યું છે તે અંગે કોઈ માહિતી સામે આવી નથી તેમજ પંકજ ચૌધરીએ પણ કોઈ પ્રતિક્રિયા આપી નથી.ગુજરાત ભાજપના સગંઠનમાંથી એક પછી એક નેતાના રાજીનામાં લેવાયા છે ત્યારે આજે પંકજ ચૌધરીએ પ્રદેશ ભાજપના મંત્રી પદ છોડ્યાના સામાચાર સામે આવ્યા છે.

મહેસાણાના વતની પંકજ ચૌધરીએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે. રાજયમાં પ્રદિપસિંહ વાઘેલાના રાજીનામા બાદ વધુ એક સંગઠન નેતાએ રાજીનામુ આપતા અનેક તર્ક વિતર્ક સર્જયા છે. જો કે આ રાજીનામું આપ્યું છે કે તેની પાસેથી લઈ લેવાયું છે તેની પણ ચર્ચા ચાલી રહી છે તેમજ તમણે આ રાજીનામું એક મહિના પહેલા જ આપી દીધું હોવાની વાત પણ ચર્ચાઈ રહી છે. હજુ સુધી આ રાજીનામું ક્યા કારણોસર આપ્યું છે કે લેવાયું છે તે અંગે કોઈ માહિતી નથી. આ રાજીનામાં પર પંકજ ચૌધરીએ પણ કોઈ પ્રતિક્રિયા આપી નથી. પંકજ ચૌધરીને યુવા મોરચાના પ્રભારી તરીકે જવાબદારી સોંપાઈ હતી, તેઓ હવે આ જવાબદારીમાંથી પણ મુક્ત થઈ ગયા છે.

### ત્રિપુરામાં પેટા ચૂંટણીમાં વિજય બાદ ભાજપની રેલીમાં હિંસા

# ભાજપ અને વિપક્ષ તિપરા મોથાના કાર્યકરોની અથડામણમાં ૧૨ ઘાયલ

## તિપરા મોથાના એક સમૂહ દ્વારા કથિત રીતે કેટલાક ભાજપ કાર્યકર્તાઓએ રેલીમાં સામેલ થવા પર રોક્યા બાદ હિંસક અથડામણ

અગરતલા, તા.૧૨

ત્રિપુરાના સિપાહીજાલા જિલ્લામાં સત્તારુઢ ભાજપ અને વિપક્ષી તિપરા મોથા વચ્ચે સોમવારે હિંસક અથડામણ થઈ ગઈ હતી. આ દરમિયાન એક પોલીસ અધિકારી અને બે અન્ય કર્મચારીઓ સહિત ઓછામાં ઓછા ૧૨ લોકો ઘાયલ થયા હતા. પોલીસ અધિકારીએ આજે તેની જાણકારી આપી છે.

તાજેતરમાં જ થયેલી પેટા ચૂંટણીમાં જીત બાદ ભાજપ કાર્યકર્તાઓએ સોમવારે એક વિશાળ વિજય રેલી કાઢી હતી. આ દરમિયાન તિપરા મોથા અને ભાજપા કાર્યકર્તાઓ વચ્ચે હિંસક અથડામણ થઈ ગઈ હતી. સહાયક મહાનિરીક્ષક જ્યોતિષમાન જાસ ચૌધરીએ જણાવ્યું કે, તિપરા મોથાના એક સમૂહ દ્વારા કથિત રીતે કેટલાક ભાજપ કાર્યકર્તાઓએ રેલીમાં સામેલ થવા પર રોક્યા બાદ હિંસક અથડામણ થઈ હતી.

પોલીસે જણાવ્યું કે, આ અથડામણમાં બંને પાર્ટીઓના કાર્યકર્તાઓ સહિત ૧૨ લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા લોકોને નજીકના સ્વાસ્થ્ય સુવિધામાં સારવાર અર્થે ખસેડાયા છે.

હિંસક અથડામણ દરમિયાન જ્યારે પોલીસ ટીમે તેમને રોકવાનો પ્રયત્ન કર્યો તો તકરજલા પોલીસ સ્ટેશનના પ્રભારી અધિકારી રથિર ડેબબર્મા અને અન્ય બે પોલીસ કર્મચારીઓ પર પથ્થરમારો કરવામાં આવ્યો જેમાં તેઓ ઘાયલ થયા છે. પોલીસે ટોળાને વિખેરવા માટે લાઠીચાર્જ કર્યો હતો.

અથડામણ બાદ રેલીનું સ્થાન બાદમાં તકરજલામાં સ્થાનાંતરિત કરી દેવામાં આવ્યું હતું. જ્યાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ રાજીબ ભટ્ટાચાર્જીએ પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કરતા આરોપ લગાવ્યો હતો કે., શાંતિ ભંગ કરવાના વિપક્ષના પ્રયાસોને રોકવા માટે ભગવા પક્ષના કાર્યકરો રસ્તા પર ઉતર્યા હતા.

### ૧ નવેમ્બરથી બદલાઈ જશે આ નિયમ

# CBIC તમામ કારોબારીઓ ઉપર લાગૂ કરી શકે છે

## કંપનીઓએ એક નવેમ્બરથી માલ અને સેવા કર સંબંધિત રસીદોને પોર્ટલ પર ૩૦ દિવસમાં અપલોડ કરવાની રહેશે

નવી દિલ્હી, તા.૧૨

મોટો કારોબાર કરતી કંપનીઓ માટે જીએસટી અંગે નવું અપડેટ આવ્યું છે. કંપનીઓએ એક નવેમ્બરથી માલ અને સેવા કર (GST) સંબંધિત રસીદોને પોર્ટલ પર ૩૦ દિવસની અંદર 'અપલોડ' કરવાની રહેશે. આ જોગવાઈ ૧૦૦ કરોડ રૂપિયા કે તેથી વધુનો કારોબાર કરનારી કંપનીઓ પર લાગૂ થશે.

જીએસટીના ઈ રસીદ પોર્ટલનું સંચાલન કરનારી નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) એ એક ભલામણમાં જીએસટી ઓથોરિટીના આ ફેસલાની જાણકારી આપી. જે મુજબ ઓથોરિટીએ રસીદ જારી થવાની તારીખથી ૩૦ દિવસની અંદર તેને પોર્ટલ પર અપલોડ કરવાનું કહ્યું છે. આ સમયમર્યાદા ૧૦૦ કરોડ રૂપિયા કે તેનાથી વધુના વાર્ષિક કારોબારવાળા કરદાતાઓ પર લાગૂ થશે. આ વ્યવસ્થા એક નવેમ્બર ૨૦૨૩થી લાગૂ થઈ જશે.

એએમઆરજી એન્ડ એસોસિએટ્સના વરિષ્ઠ ભાગીદાર રજત મોહને કહ્યું કે આ વ્યવસ્થા સુચારુ રીતે લાગૂ થવાની સ્થિતિમાં CBIC તેને આગળ જઈને બધા જીએસટી કરદાતાઓ માટે લાગૂ કરી શકે છે.

અત્રે જણાવવાનું કે કેન્દ્ર સરકાર તરફથી એક સપ્ટેમ્બરથી મેરા બિલ મેરા અધિકાર યોજના શરૂ કરાઈ છે. આ યોજના હેઠળ દર મહિને સરકાર ૮૦૦ લોકોને પસંદ કરશે. આ એ ૮૦૦ લોકો હશે જે દર મહિને પોતાનું જીએસટી બિલ ઓનલાઈન અપલોડ કરશે. આ ૮૦૦ લોકોને ૧૦ હજાર રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. જ્યારે ૧૦ એવા લોકો પણ પસંદ કરાશે જેમને સરકાર ૧૦ લાખ રૂપિયાની રકમ આપશે. યોજના હેઠળ એક કરોડનું બંપર ઈનામ ત્રિમાસિક આધારે કાઢવામાં આવશે. આ ઈનામ બે લોકોને આપવામાં આવશે.

### કોહલી-રાહુલની સદી, કુલદીપની પાંચ વિકેટ

# ભારત સામે પાકિસ્તાનનો ૨૨૮ રને કારમો પરાજય

## ભારત તરફથી ટોપ ઓર્ડરના ચારેય બેસ્ટમેનોની દમદાર બેટિંગ કુલદીપે પોતાની ફિરકીમાં પાકિસ્તાની બેસ્ટમેનોને ફસાવ્યા

કોલંબો, તા.૧૨

વિરાટ કોહલી (122*) અને કેએલ રાહુલ (111*) ની શાનદાર સદી બાદ કુલદીપ યાદવની ૫ વિકેટની મદદથી ભારતે એશિયા કપ સુપર-૪ની મેચમાં પાકિસ્તાનને ૨૨૮ રને કારમો પરાજય આપ્યો છે.

પ્રથમ બેટિંગ કરતા ભારતે ૫૦ ઓવરમાં ૨ વિકેટે ૩૫૬ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ ૩૨ ઓવરમાં ૮ વિકેટે ૧૨૮ રન બનાવી શકી હતી. ઈજાને કારણે પાકિસ્તાનના બે ખેલાડી બેટિંગ માટે આવ્યા નહીં. આ જીત સાથે ભારતે બે પોઈન્ટ મેળવી લીધા છે.

પાકિસ્તાન તરફથી ફખર જમાને સૌથી વધુ ૨૭ રન બનાવ્યા હતા. ફખર ઝમાન કુલદીપ યાદવનો શિકાર બન્યો હતો. ઈમામ-ઉલ-હક માત્ર ૯ રન બનાવી બુમરાહની ઓવરમાં આઉટ થયો હતો. હાર્દિક પંડ્યાએ બાબર આઝમ (૧૦) ને બોલ્ડ કરી પેવેલિયન પરત મોકલી આપ્યો હતો. મોહમ્મદ રિઝવાન ૨ રન બનાવી શાર્દુલનો શિકાર બન્યો હતો. આઘા સલમાન ૨૩ રન બનાવી આઉટ થયો હતો.

ઈફ્તિખાર અહમદ પણ ૨૩ રન બનાવી કુલદીપનો શિકાર બન્યો હતો. શાદાબ ખાન ૮ રન બનાવી આઉટ થયો હતો. ફહીમ અશરફ ૪ રન બનાવી કુલદીપની ઓવરમાં બોલ્ડ થયો હતો.

જ્યારે નસીમ શાહ અને હારિસ રઉફ ઈજાને કારણે બેટિંગ માટે આવ્યા નહીં. ભારત માટે કુલદીપ યાદવે ૮ ઓવરમાં ૨૫ રન આપી ૫ વિકેટ લીધી હતી. આ સિવાય બુમરાહ, હાર્દિક પંડ્યા અને શાર્દુલને એક-એક સફળતા મળી હતી.

પાકિસ્તાન સામે એશિયા કપના સુપર-૪ મુકાબલામાં કેએલ રાહુલ અને વિરાટ કોહલીએ ધમાકો કર્યો હતો. ઈજા બાદ વાપસી કરી રહેલા કેએલ રાહુલે ધમાકેદાર અંદાજમાં પોતાની સદી ફટકારી હતી. રાહુલે ૧૦૦ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. આ તેના વનડે કરિયરની છઠ્ઠી સદી છે. વિરાટ કોહલી ૯૪ બોલમાં ૯ ફોર અને ત્રણ સિક્સ સાથે ૧૨૨ રન બનાવી અણનમ રહ્યો હતો.

ભારતના સ્ટાર બેટર વિરાટ કોહલીએ પણ વિશ્વકપ પહેલા કમાલ કરી દીધો છે. કોહલી પાકિસ્તાન સામે એશિયા કપની ગ્રુપ મેચમાં સસ્તામાં આઉટ થયો હતો. પરંતુ આજે તેણે પાકિસ્તાનના બોલરોનો આક્રમક અંદાજમાં સામનો કર્યો હતો. વિરાટ કોહલીએ માત્ર ૮૪ બોલમાં છ ફોર અને બે સિક્સ સાથે પોતાના વનડે કરિયરની ૪૭મી સદી ફટકારી હતી. વિરાટ કોહલીએ પોતાની ઈનિંગ દરમિયાન વનડે કરિયરમાં ૧૩ હજાર રન પણ પૂરા કર્યા હતા. કોહલીએ સૌથી ઓછી ઈનિંગમાં ૧૩ હજાર રન બનાવવાની સિદ્ધિ મેળવી છે.

ભારતીય ટીમને આ મેચમાં પ્રથમ બેટિંગ કરવા આમંત્રણ મળ્યું હતું. ત્યારબાદ કેપ્ટન રોહિત શર્મા અને શુભમન ગિલે ટીમ ઈન્ડિયાને આક્રમક શરૂઆત અપાવી હતી. બંનેએ પ્રથમ ઓવરથી જ પાકિસ્તાનના સ્ટાર બોલરો સામે ફટકાબાજી શરૂ કરી હતી. બંને ઓપનરોએ પ્રથમ ૧૦ ઓવરમાં ૬૧ રન ફટકારી દીધા હતા. રોહિત શર્મા ૪૯ બોલમાં ૬ ચોગ્ગા અને ચાર સિક્સ સાથે ૫૬ રન બનાવી આઉટ થયો હતો. જ્યારે શુભમન ગિલે ૫૨ બોલમાં ૧૦ ચોગ્ગાની મદદથી ૫૮ રન ફટકાર્યા હતા. બંનેએ પ્રથમ વિકેટ માટે ૧૨૧ રનની ભાગીદારી કરી હતી.

### અયોધ્યામાં રામમંદિરની તૈયારી જોરશોરમાં

# એસએસએફના ૮૦ જવાનોનું જૂથ અયોધ્યા પહોંચ્યું

## અભિષેક સમારોહ પહેલા એસએસએફની આઠ કંપનીઓ રામજન્મભૂમિની સુરક્ષાની જવાબદારી સંભાળશે

અયોધ્યા, તા.૧૨

અયોધ્યામાં રામ જન્મભૂમિની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. ભગવાન રામના બની રહેલા મંદિરનું ઉદ્‌ઘાટન આગામી વર્ષે જાન્યુઆરીના ત્રીજા સપ્તાહમાં થઈ શકે તેવી સંભાવના છે, ત્યારે તેની સુરક્ષા માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રામ લલ્લાના અભિષેક સમારોહ માટે સુરક્ષા વ્યવસ્થાની બ્લુ પ્રિન્ટ લગભગ તૈયાર છે. સમારોહ માટે પાંચ લાખથી વધુ શ્રદ્ધાળુઓ આવે તેવી શક્યતા છે. સમારોહ દરમિયાન રામજન્મભૂમિ સંકુલમાં પીએમમોદી ઉપરાંત અન્ય વીવીઆઈપીઅને લગભગ દસ હજાર લોકો પણ હાજર રહે તેવી શક્યતા છે. આ સંદર્ભે, એસએસએફએટલે કે સ્પેશીયલ સુરક્ષા દળના ૮૦ જવાનોનું એક જૂથ ગઈકાલે રાતે અયોધ્યા પહોંચી ગયું છે. અભિષેક સમારોહ પહેલા એસએસએફની આઠ કંપનીઓ રામ જન્મભૂમિની સુરક્ષાની જવાબદારી સંભાળશે.હાલમાં રામજન્મભૂમિની સુરક્ષા સીઆરપીએફઅને પીએસીને સોંપવામાં આવી છે. આ મહિનાથી જ મંદિરની આ સુરક્ષાની કમાન હવે એસએસએફના જવાનના હાથે સોંપાશે. આ પહેલા એસએસએફના જવાનોને ટ્રેનિંગ આપવામાં આવશે. ૮૦ જવાનોના જૂથને ૧૨ થી ૧૬ સપ્ટેમ્બર સુધી ટ્રેનીંગ આપવામાં આવશે. આ પછી, જવાનોનું બીજું જૂથ અહીં પહોંચશે અને ટ્રેનીગ બાદ પોતાનો ચાર્જ સંભાળશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, સંસદ અને રાષ્ટ્રપતિ ભવન જેવી રામ મંદિરની સુરક્ષા માટે એક યોજના બનાવવામાં આવી છે. હવે તેને ગ્રાઉન્ડ લેવલ પર અમલી બનવાની તૈયારી ચાલી રહી છે. મંદિરની સુરક્ષા માટે વિશેષ પ્રશિક્ષિત એસએસએફ જવાનોને તૈનાત કરવામાં આવશે. જયારે કેમ્પસના વિવિધ ભાગોની સુરક્ષાની જવાબદારી એસએસએફના જવાનોની અલગ-અલગ ટુકડીઓને આપવામાં આવશે. આ સૈનિકો આધુનિક હથિયારોથી સજ્જ હશે. સમગ્ર સંકુલની દેખરેખ માટે આધુનિક કંટ્રોલ રૂમ પણ લગભગ તૈયાર છે. ૭૭ કરોડમાં અત્યાધુનિક હથિયારો પણ ખરીદવામાં આવ્યા છે. કેમ્પસમાં બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડની કાયમી તૈનાત પણ કરવામાં આવી રહી છે.

### પ્રોફિટ બુકિંગના દબાણને કારણે સ્થાનિક શેરબજારો ફ્લેટ બંધ

# સેન્સેક્સમાં ૯૫ પોઈન્ટનો વધારો, નિફ્ટીમાં ૩ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

મુંબઈ, તા.૧૨

પ્રોફિટ બુકિંગના દબાણને કારણે સ્થાનિક શેરબજારો મજબૂત શરૂઆત છતાં ફ્લેટ બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૯૪.૦૫ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકાના વધારા સાથે ૬૭,૨૨૧.૧૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. તે જ સમયે, એનએસઈનિફ્ટી ૩.૧૫ પોઈન્ટ અથવા ૦.૦૨ ટકાના ઘટાડા સાથે ૧૯,૯૯૩.૨૦ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. ટીસીએસમાં ત્રણ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. તે જ સમયે, એનટીપીસીમાં ત્રણ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સિવાય અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા છે. તે જ સમયે, ઓટો, કેપિટલ ગુડ્‌સ, પાવર, ઓઈલ એન્ડ ગેસ, મેટલ અને રિયલ એસ્ટેટ ઈન્ડેક્સમાં ૧-૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈમિડકેપ ઈન્ડેક્સમાં ત્રણ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તે જ સમયે, સ્મોલકેપ ઈન્ડેક્સમાં ચાર ટકાનો ઘટાડો નોંધાયો હતો.બીએસઈસેન્સેક્સ પર ટીસીએસના શેરમાં સૌથી વધુ ૨.૯૧ ટકાનો વધારો જોવા મળ્યો હતો. એ જ રીતે લાર્સન એન્ડ ટુબ્રો, ઈન્ફોસીસ, અલ્ટ્રાટેક સિમેન્ટ, આઈસીઆઈસીઆઈ બેંક, નેસ્લે ઈન્ડિયાના શેર એક-એક ટકાથી વધુના વધારા સાથે બંધ થયા હતા. આ સિવાય આઈટીસી, સન ફાર્મા, એચડીએફસીઅને કોટક મહિન્દ્રા બેંકના શેર લીલા નિશાન સાથે બંધ થયા હતા.પાવર ગ્રીડના શેરમાં સેન્સેક્સ પર સૌથી વધુ ૩.૪૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

એ જ રીતે એનટીપીસી, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ, ઈન્ડસઈન્ડ બેંકમાં એક ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. આ સિવાય ટાઈટન, એસબીઆઈ, બજાજ ફિનસર્વ, ટેક મહિન્દ્રા અને મારુતિના શેર લાલ નિશાનમાં બંધ થયા હતા.

યુએસ ડોલર સામે રૂપિયો ૧૧ પૈસા મજબૂત થયો અને ૮૨.૯૨ પર બંધ થયો. પાછલા સત્રમાં તે ૮૩.૦૩ ના સ્તરે બંધ થયો હતો.

### રાષ્ટ્રપતિ મુર્મુ વિધાનસભાને સંબોધશે

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બે દિવસના ગુજરાત પ્રવાસે

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પ્રોજેક્ટનું ઉદઘાટન કરવા અને વિધાનસભામાં ભાષણ આપવા માટે આમંત્રણ આપ્યું છે

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત વિધાનસભા બુધવારથી શરૂ થઈ રહી છે ત્યારે રાષ્ટ્રપતિ મુર્મુ વિધાનસભાને સંબોધશે. ૧૩ સપ્ટેમ્બરે ગુજરાતની ઈ-એસેમ્બ્લી લોન્ચ કરશે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ૧૫મી ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર ૧૩ સપ્ટેમ્બરે બપોરે ૧૨ વાગ્યે બોલાવ્યું છે. આ સત્ર ત્રણ દિવસનું ટૂંકું સત્ર હશે.

ગુજરાત વિધાન સભાના ચોમાસું સત્રમાં બે બિલ રજૂ કરવામાં આવશે. તેમાં મેડિકલ યુનિવર્સિટી બિલ અને કોમન યુનિવર્સિટી બિલનો સમાવેશ થાય છે.

એપ્લિકેશન લોન્ચ થયા બાદ ગૃહની કાર્યવાહી સંપૂર્ણપણે પેપરલેસ થઈ જશે. આ માટે ગૃહની તમામ બેઠકો પર ટેબલેટ પણ લગાવવામાં આવ્યાં છે. હવે ગૃહમાં ધારાસભ્યો પેન-કાગળથી નહીં પરંતુ ટેબલેટથી સવાલ પૂછીને તેમના વિસ્તારના મુદ્દાઓ ઉઠાવશે. તમામ સ્થળોની સંપૂર્ણ વિગતો ટેબલેટમાં રેકોર્ડ કરવામાં આવશે. તેના અમલીકરણ સાથે ગૃહ સંપૂર્ણ રીતે ઓનલાઈન થઈ જશે.

પેપરલેસ બનાવવા માટે વિધાનસભાને ડિજિટલ રૂપ આપવામાં આવ્યું છે. આ માટે ભાજપ, કોંગ્રેસ અને આપના ધારાસભ્યોને ગૃહમાં ટેબલેટનો ઉપયોગ કરવા અંગે તાલિમ પણ આપવામાં આવી છે. રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુના હસ્તે ગુજરાત ઈ-વિધાનસભાનું લોકાર્પણ કરવામાં આવશે.

કેન્દ્ર સરકાર આ વર્ષે ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ પર આયુષ્યમાન ભવ કાર્યક્રમ શરૂ કરશે. જેથી કરીને સરકાર દ્વારા ચલાવવામાં આવતી તમામ આરોગ્ય યોજનાઓ છેવાડાના લોકો સુધી પહોંચાડી શકાય.

ધારાસભ્યો વિધાન સભા ગૃહમાં ટેબલેટનો કેવી રીતે ઉપયોગ કરી શકશે તે અંગે એક મોક વિધાનસભાનું આયોજન કરવામાં આવ્યું છે.

કેવી રીતે પ્રશ્નો પૂછવા કઈ રીતે ટેબલેટનો ઉપયોગ કરવો સહિતની બાબાતોનું રિહર્સલ કરવામાં આવશે. જેથી વિધાનસભા સત્ર દરમિયાન ગૃહમાં ઉપસ્થિત ધારાસભ્યોને કોઇ મુશ્કેલી પડે નહીં.

### સંસદનું વિશેષ સત્ર ૧૮થી ૨૨ સપ્ટેમ્બરે યોજાશે

# સંસદના બન્ને ગૃહમાં નવો ડ્રેસ કોડ લાગુ કરવામાં આવશે

## સંસદના બંને ગૃહોના કર્મચારીઓ આવતા અઠવાડિયે નવા બિલ્ડિંગમાં જશે ત્યારે નવો યુનિફોર્મ પહેરશે, નવા યુનિફોર્મમાં 'ભારતીયતા'નો સ્પર્શ હશે

નવી દિલ્હી, તા.૧૨

અગાઉ કેન્દ્ર સરકારે સંસદનું વિશેષ સત્ર બોલવાની જાહેરાત કરી હતી. આ સત્ર ૧૮થી ૨૨ સપ્ટેમ્બર સુધી ચાલશે. જણાવવામાં આવી રહ્યું છે કે, આ સત્રમાં પાંચ બેઠકો હશે. મહત્વનું છે કે, આ સત્ર દરમિયાન ૧૦થી વધુ મહત્વના બિલ રજૂ કરવામાં આવશે, જેના કારણે વિશેષ સત્ર બોલાવવામાં આવી રહ્યું છે.

સંસદના વિશેષ સત્ર દરમિયાન 'એક દેશ એક ચૂંટણી', યુસીસીઅને મહિલા અનામત બિલ પણ રજૂ કરવામાં આવી શકે છે. આ વિશેષ સત્રને લઈ વધુ એક સમાચાર સામે આવી રહ્યા છે. સુત્રો અનુસાર, સંસદના બંને ગૃહોમાં નવો ડ્રેસ કોડ લાગુ કરવામાં આવી શકે છે. લોકસભાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, સંસદના બંને ગૃહોના કર્મચારીઓ આવતા અઠવાડિયે નવા બિલ્ડિંગમાં જશે ત્યારે નવો યુનિફોર્મ પહેરશે. તેમણે વધુમાં જાણકારી આપતા જણાવ્યું કે, નવા યુનિફોર્મમાં 'ભારતીયતા'નો સ્પર્શ હશે. આ અંગે અધિકારીએ જણાવ્યું કે, નવા યુનિફોર્મમાં બંને ગૃહોના માર્શલ્સના માથા પર મણિપુરી કેપ જોવા મળશે, જ્યારે ટેબલ ઓફિસ, નોટિસ ઓફિસ અને સંસદીય રિપોર્ટિંગ વિભાગમાં કામ કરતા અધિકારીઓ માટે કમળની આકૃતિવાળા શર્ટ તૈયાર કરવામાં આવ્યા છે. અધિકારીએ કહ્યાંક કે, તમામ મહિલા અધિકારીઓને નવી ડિઝાઈનવાળી સાડીઓ આપવામાં આવશે. સંસદની નવી ઈમારતમાં રાજ્યસભાના કાર્પેટને પણ કમળના આકૃતિથી શણગારવામાં આવ્યા છે. માર્શલો કે જે અધ્યક્ષની સીટ પાસે ઊભા રહે છે અને પ્રિસાઈડિંગ ઓફિસરોને તેમના રોજિંદા કામમાં મદદ કરે છે. તેના નવા ડ્રેસ કોડમાં હવે સફારી સૂટને બદલે ક્રીમ કલરના કુર્તા અને પાયજામા જોવા મળશે સાથે જ પાઘડીને બદલે તેમના માથા પર મણિપુરી કેપ પણ હશે. પાંચ વિભાગોના અધિકારીઓ પણ તેમના આછા વાદળી રંગના સફારી સૂટને બદલે કમળની ડીઝાઈન વાળા સ્પોર્ટ્સ બટન-ડાઉન શર્ટ પહેરશે. આ સિવાય તેઓ ક્રીમ કલરનું જેકેટ અને આછા સફેદ પેન્ટ સાથે જોવા મળી શકે છે. આ બદલાવ એક નવા રાજકીય વિવાદને જન્મ આપી શકે છે કારણ કે તે સતાપક્ષ એટલે કે ભાજપનું ચૂંટણી પ્રતીક કમળ છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, તમામ ૧૮ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલોજી (એનઆઈએફટી)ને નવા યુનિફોર્મ માટે ડિઝાઈન પ્રસ્તાવો સૂચવવા માટે કહેવામાં આવ્યું હતું. એક નિષ્ણાત સમિતિએ તે દરખાસ્તોમાંથી નવા યુનિફોર્મને અંતિમ સ્વરૂપ આપ્યું છે.

### લોકસભા ચુંટણીનો લીધો આ નિર્ણય

# મુકુલ વાસનિકે ગુજરાતમાં એન્ટ્રી કરતા જ લીધું મોટું પગલું

## કોંગ્રેસ લોકસભાની ચૂંટણી માટે તૈયારી કરી રહ્યું છે : હાલ ત્રણ સહપ્રભારીને લોકસભાની બેઠકોની વહેંચણી કરાઈ

અમદાવાદ, તા.૧૨

લોકસભાની ચૂંટણી માટે ગુજરાત કોંગ્રેસ એક્વિટ થયું છે. નવા પ્રદેશ પ્રમુખ અને નવા પ્રભારીના જોરે હવે ગુજરાત કોંગ્રેસ લોકસભાની ચૂંટણીમાં ઝંપલાવશે, ત્યારે કોંગ્રેસ દ્વારા લોકસભાની તૈયારીઓ આરંભા દેવાઈ છે. લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસે સહપ્રભારીને પી જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાત કોંગ્રેસ સંગઠન પ્રભારી મુકુલ વસનીકના ત્રણ સહ પ્રભારીમાં લોકસભાની બેઠકોની વહેંચણી કરવામાં આવી છે. એ.આઈ.સી.સી. મંત્રી રામકિશન ઓઝા, બી.એમ. સંદીપ અને ઉષા નાયડુને ગુજરાતની વિવિધ લોકસભા બેઠકોની જવાબદારી સોંપવામાં આવી છે. રામકિશન ઓઝા : અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ (એસ.સી.), ખેડા, આણંદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા. બી.એમ. સંદીપ : ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, જુનાગઢ, પોરબંદર, જામનગર, કચ્છ (એસ.સી.) ઉષા નાયડુ : પંચમહાલ, દાહોદ (એસ.ટી.), વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, બારડોલી (એસ.ટી.), નવસારી, સુરત, વલસાડ (એસ.ટી.). ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક બે દિવસની ગુજરાતની મુલાકાતે છે. તેમની અધ્યક્ષતામાં ગુજરાત કોંગ્રેસ કોર કમિટીની બેઠક મળી હતી. આ બેઠકમાં સંગઠન મજબુત કરવા અંગે વિવિધ સુચનો મેળવાયા હતા. કોર્ડીનેશન સમિતિને મળેલા સુચનોને ધ્યાન પર મુકાયા હતા. કોર કમિટીના વરિષ્ઠ આગેવાનો સાથે આંદોલનાત્મક કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી. લોકસભાની ચૂંટણી સામે સંગઠન અને કાર્યક્રમો કરાશે. લોકપ્રશ્નોને મજબૂતી આપીને અસરકારકતા વધારવા ચર્ચા કરાઈ. જ્યાં નિષ્ક્રિય છે ત્યાં બદલાવ કરી સક્રિય લોકોની નિમણૂક અંગે બેઠકમાં ચર્ચા કરાઈ. આ સાથે જ પોતાની જાતના મૂલ્યાંકન માટે પણ પ્રભારીએ તમામ નેતાઓને સલાહ આપી. યુવા કોંગ્રેસ પ્રદેશ અને જિલ્લા સ્તર પર 'મોહબ્બત કી દુકાન' બેનર હેઠળ કાર્યક્રમ શરૂ કરવાની ગુજરાત યુવા કોંગ્રેસ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. સાથો સાથ સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

યુવા કોંગ્રેસ 'ભારત જોડો' યાત્રાનો સંદેશો લોકો સુધી પહોંચાડવા માટે ફોટો પ્રદર્શન અને 'સ્પીક ઉપ ફોર ભારત જોડો' કાર્યક્રમ અને વિવિધસ્તર પર યુવા કોંગ્રેસ રમત ગમત અને રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવશે તેમ પણ માહિતી આપી હતી.

### એશિયા કપ ૨૦૨૩માં સુપર-૪નો રોમાંચ હવે બમણો

# ભારત-પાકિસ્તાન વચ્ચે ફાઈનલ થવાની શક્યતા

## સુપર-૪માં પાકિસ્તાને પોતાની અંતિમ મેચમાં શ્રીલંકાને હરાવે તો ફાઈનલમાં ભારત સામેની ટક્કર નક્કી

નવી દિલ્હી, તા.૧૨

એશિયા કપ ૨૦૨૩માં સુપર-૪નો રોમાંચ હવે બમણો થઇ ગયો છે. ટુર્નામેન્ટમાં અત્યાર સુધી ભારત-પાકિસ્તાન વચ્ચે બે મેચ રમાઈ ચુકી છે. ગ્રુપ સ્ટેજમાં પ્રથમ મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી, પરંતુ બીજી વખત સુપર-૪માં થયેલી ટક્કરમાં ભારતે પાકિસ્તાનને ૨૨૮ રનોથી હરાવ્યું હતું. આ વનડે ઈતિહાસમાં પાકિસ્તાન સામે રનોના મામલે ભારતની સૌથી મોટી જીત છે. આ મેચ સાથે જ સુપર-૪ના પોઈન્ટ્સ ટેબલમાં ભારત પ્રથમ સ્થાને પહોંચી ગયું છે. આ ઉપરાંત ક્રિકેટ ફેન્સ માટે બીજી એક ખુશખબરી પણ છે.

ક્રિકેટ પ્રેમીઓને હવે એશિયા કપ ૨૦૨૩માં ભારત-પાકિસ્તાન વચ્ચે ત્રીજી મેચ પણ જોવા મળી શકે છે. બંને ટીમો વચ્ચેની આ ટક્કર એશિયા કપની ફાઈનલમાં થઈ શકે છે. આ ફાઈનલ મેચ ૧૭ સેપ્ટેમ્બરના રોજ કોલંબોમાં રમાશે. ભારતીય ટીમને સુપર-૪ રાઉન્ડમાં બીજી મેચ આજે શ્રીલંકા સામે રમવાની છે. આ મેચ જીતવાની સાથે જ ભારતીય ટીમ એશિયા કપ ૨૦૨૩ની ફાઈનલમાં પહોંચી જશે.

જો આવું બને છે તો સુપર-૪માં પાકિસ્તાને પોતાની અંતિમ મેચમાં શ્રીલંકાને હરાવવું પડશે. જો બંને મેચોનું પરિણામ આવી જ રીતે આવશે તો ફાઈનલમાં ભારત-પાકિસ્તાન વચ્ચે ટક્કર જોવા મળશે. પાકિસ્તાન સામે જીત્યા બાદ ભારતીય ટીમને હવે સુપર-૪માં બીજી બે મેચો રમવાની છે. સુપર-૪ રાઉન્ડમાં ભારત પોતાની બીજી મેચ આજે શ્રીલંકા સામે રમશે. ત્યાર પછી ત્રીજી મેચ બાંગ્લાદેશ વિરુદ્ધ ૧૫ સેપ્ટેમ્બરે રમશે. જયારે પાકિસ્તાન તેની અંતિમ મેચ શ્રીલંકા સામે ૧૪ સેપ્ટેમ્બરે રમશે.

ફાઈનલમાં પહોંચવા ભારત અને પાકિસ્તાનના સમીકરણ - જો બારતીય ટીમ આજની મેચમાં શ્રીલંકાને હરાવે છે તો તે ફાઈનલમાં પહોંચી જશે. ત્યાર પછી ભારતીય ટીમને બાંગ્લાદેશ વિરુદ્ધ મેચ રમવાની રહેશે, જે માત્ર એક ઔપચારિકતા રહેશે.

- પાકિસ્તાન ટીમને તેની અંતિમ મેચ શ્રીલંકા સામે ૧૪ સેપ્ટેમ્બરના રોજ રમવાની છે. પાકિસ્તાનને ફાઈનલમાં પહોંચવા માટે શ્રીલંકા સામે મેચ જીતવી ખુબ જરૂરી છે. જો પાકિસ્તાન આ મેચ જીતે છે તો તેની ટક્કર ફાઈનલમાં ભારત સાથે થશે.

-જો પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચેની મેચ વરસાદના કારણે ધોવાઈ જાય છે તો બંને ટીમોના ૩-૩ પોઈન્ટ્સ થઈ જશે. આ સ્થિતિમાં બંને ટીમોની નેટ રનરેટ જોવામાં આવશે. આવી સ્થિતિમાં શ્રીલંકા ક્વાલિફાય કરી જશે કારણ કે શ્રીલંકાની નેટ રનરેટ વધુ સારી છે.

-જો શ્રીલંકા આજની મેચમાં ભારતને હારવી દે છે તો પણ ભારત પાસે બાંગ્લાદેશને હરાવી ફાઈનલ માં પહોંચવાની તક રહેશે, પરંતુ પાકિસ્તાને ફાઈનલ માટે તેની આગામી મેચમાં શ્રીલંકાને મોટા અંતરથી હરાવવું પડશે.

### ગુજરાતે વિકાસની હરણફાળ ભરી અને દેશનું રોલ મોડલ રાજ્ય બન્યું

# ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૨ વર્ષ પૂર્ણ કર્યા

## દેશમાં પ્રથમ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૨૭ ટકા અનામત લાગુ કરવાનો નિર્ણય પણ ગુજરાત સરકારે લીધો છે

ગાંધીનગર, તા.૧૨

સરળ વ્યક્તિત્વ ધરાવતા 'દાદા' કડક નિર્ણયો માટે પણ જાણીતા છે. પાછલા ૨ વર્ષમાં CM તરીકે ભૂપેન્દ્ર પટેલે કેટલાક દમદાર નિર્ણયો પણ લીધા છે. જે ચર્ચાનું કારણ પણ બન્યા હતા. જેમાં વિનાશક બિપોરજોય વાવાઝોડામાં 'ઝીરો કેઝ્યુલિટી'ની વાત હોય કે પછી દ્વારકાના દરિયાકાંઠે ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફેરવવાની વાત હોય. CM તરીકે આ નિર્ણયોને ભૂપેન્દ્ર પટેલની મોટી સિદ્ધિ માનવામાં આવી રહી છે.

મુખ્યપ્રધાન તરીકે ભૂપેન્દ્ર પટેલે પોતાના કાર્યકાળના ૨ વર્ષ પૂર્ણ કર્યા છે. ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ ભૂપેન્દ્ર પટેલ ગુજરાતની રાજનીતિના મહારથી બન્યા. મૃદુ સ્વભાવ અને સરળ વ્યક્તિત્વના કારણે ભૂપેન્દ્ર પટેલને 'દાદા'નું હુલામણુ નામ મળ્યું છે. તો મજબૂત નેતૃત્વ અને કાર્યક્ષમ વહીવટના કારણે જ ગુજરાતે વિકાસની હરણફાળ ભરી અને દેશનું રોલ મોડલ રાજ્ય બન્યું.

સરળ વ્યક્તિત્વ ધરાવતા 'દાદા' કડક નિર્ણયો માટે પણ જાણીતા છે. પાછલા ૨ વર્ષમાં CM તરીકે ભૂપેન્દ્ર પટેલે કેટલાક દમદાર નિર્ણયો પણ લીધા છે. જે ચર્ચાનું કારણ પણ બન્યા હતા. જેમાં વિનાશક બિપોરજોય વાવાઝોડામાં 'ઝીરો કેઝ્યુલિટી'ની વાત હોય કે પછી દ્વારકાના દરિયાકાંઠે ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફેરવવાની વાત હોય.

CM તરીકે આ નિર્ણયોને ભૂપેન્દ્ર પટેલની મોટી સિદ્ધિ માનવામાં આવી રહી છે. એટલું જ નહીં સતત ભરતી પરીક્ષાના પેપરલીક થવાની ઘટનાઓ પર, પેપર લીક વિરોધી કાયદો બનાવીને પેપરકાંડ પર બ્રેક પણ દાદાએ જ મારી હતી.

### ચૂંટણી નજીક આવતા પીઓકેનો મુદ્દો ચર્ચામાં

# પીઓકે આપોઆપ ભારતમાં ભળી જશે, થોડી રાહ જુઓ : વીકે સિંહ

નવી દિલ્હી, તા.૧૨

ચૂંટણી નજીક આવતા જ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) અવાનવાર ચર્ચાનો વિષય બનતો હોય છે. આ વર્ષના અંત સુધીમાં રાજસ્થાનમાં ચૂંટણી યોજાવાની છે. આ પહેલા તમામ રાજકીય પક્ષ સતામાં આવવા માટેના તમામ પ્રયાસો કરી રહ્યા છે. એવામાં રાજસ્થાનની મુલાકાતે ગયેલા કેન્દ્રીય મંત્રી અને પૂર્વ આર્મી ચીફ જનરલ વીકે સિંહએ પણ પીઓકેને લઈ એક મોટું નિવેદન આપ્યું છે. રાજસ્થાનના એક કાર્યક્રમ દરમિયાન તેમને પૂછવામાં આવેલ પ્રશ્નમાં આ અંગે જવાબ આપ્યો હતો. તેમને પ્રશ્ન કરવામાં આવ્યો કે, પીઓકેના લોકો ભારતમાં વિલીનીકરણની માંગ કરી રહ્યા છે. આ મુદ્દે ભાજપનું શું વલણ છે? આ પ્રશ્નના જવાબમાં તેમણે પીઓકેના ભારતમાં વિલીનીકરણની વાત કરી હતી.

ભાજપની પરિવર્તન સંકલ્પ યાત્રામાં જનરલ વીકે સિંહ રાજસ્થાન પહોંચ્યા હતા. રાજસ્થાનના દૌસામાં પૂર્વ આર્મી ચીફ જનરલ વીકે સિંહને પૂછવામાં આવ્યું કે શું પીઓકેના શિયા મુસ્લિમો ભારત સાથે સરહદમાં વિલીનીકરણની વાત કરી રહ્યા છે. તમે આ અંગે શું કહેવા માંગો છો? ત્યારે તેમણે જવાબ આપ્યો કે, પીઓકેઆપોઆપ ભારતમાં ભળી જશે. તમે થોડી રાહ જુઓ.

### નોકરીના બદલે જમીન કૌભાંડ મામલે બિહારના પૂર્વ મુખ્યપ્રધાનની મુશ્કેલી વધી

# લાલુ પ્રસાદ યાદવ સામે કેસ ચલાવવા ગૃહ મંત્રાલયે મંજૂરી આપી

## સીબીઆઈએ આ માહિતી રાઉઝ એવન્યુ કોર્ટને આપી, ત્રણ આરોપી અધિકારીઓ પર કેસ ચલાવવા માટે સરકાર તરફથી મંજૂરી મળી ન હતી

નવી દિલ્હી, તા.૧૨

સીબીઆઈને નોકરીના બદલે જમીન કૌભાંડ મામલે લાલૂ પ્રસાદ યાદવ વિરુધ્ધ કેસ ચલાવવાની ગૃહ મંત્રાલય પાસેથી મંજૂરી મળી ગઈ છે.

સીબીઆઈએ આ માહિતી રાઉઝ એવન્યુ કોર્ટને આપી હતી. જો કે આ મામલામાં ત્રણ આરોપી અધિકારીઓ પર કેસ ચલાવવા માટે સરકાર તરફથી મંજૂરી મળી ન હતી.

સીબીઆઈએ આ મામલે ત્રણ જુલાઈના રોજ સપ્લીમેન્ટ્રી ચાર્જશીટ દાખલ કરી હતી. આ ચાર્જશીટમાં પહેલીવાર તેજસ્વી યાદવનું નામ સામે આવ્યુ હતું.

સીબીઆઈએ આ મામલે લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી સહિત ૧૬ લોકોને આરોપી બનાવ્યા છે જેમાં રેલ્વેના અધિકારિઓ અને નોકરી મેળવનાર લોકોના નામ પણ સામેલ છે.નોકરીના બદલે જમીન કૌભાંડ શું છે ?

- ઉલ્લેખનીય છે કે, ૨૦૦૪થી ૨૦૦૯ની વચ્ચે લાલુ પ્રસાદ યાદવ ઉત્તર પ્રદેશ સરકારમાં રેલ્વે મંત્રી હતા. આરોપ છે કે લાલુ જયારે રેલ્વે મંત્રી હતા ત્યારે રેલ્વે ભરતીમાં ગોટાળો થયો.
- કહેવાઈ રહ્યું છે કે, નોકરી મેળવવાને બદલે અરજદારો પાસેથી જમીન અને પ્લોટ લેવાયા હતા.
- સીબીઆઈએ આ મામલે તપાસ કર્યા બાદ લાલુ પ્રસાદ યાદવ અને તેમની પુત્રી મીસા ભારતી વિરુદ્ધ કેસ નોંધ્યો.
- આરોપ છે કે જે જમીનો લેવાઈ તે રાબડી દેવી અને મીસા ભારતીના નામે પણ લેવામાં આવી.
- ગત વર્ષે સીબીઆઈએ લાલુ યાદવ અને તેમના પરિવાર વિરૂદ્ધ નોકરીના બદલામાં જમીન કૌભાંડમાં એફઆઈઆર દાખલ કરી હતી.
- લાલુ યાદવ પર આરોપ છે કે, તેમના રેલ મંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન આ કૌભાંડ આચરવામાં આવ્યું હતું.
- સીબીઆઈનો આરોપ છે કે, રેલવેમાં નોકરીના બદલામાં લાલુ યાદવના પરિવારે લાંચ સ્વરૂપે નોકરી ઈચ્છુક વ્યકિતઓ પાસેથી જમીન લીધી હતી.
- ઉલ્લેખનીય છે કે, જાહેર સેવક સામે કેસ નોંધતા પહેલા સીબીઆઈએ નિયમ મુજબ મંજૂરી લેવી પડે છે.
- આ કૌભાંડ, યુપીએ-૧ ના સમયગાળામાં લાલુ યાદવ રેલ મંત્રી હતા તે સમયનું છે.
- સીબીઆઈ ઓફિસરો ના જણાવ્યા અનુસાર, આ કેસમાં લાલુ યાદવ સિવાય તેમના પુત્ર અને બિહારના ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવ, તેમની પુત્રીઓ ચંદા યાદવ અને રાગિણી યાદવ પણ આરોપી છે.

ઉત્તર પ્રદેશ સરકારમાં રેલ્વે મંત્રી રહેલા પવન બંસલના ભત્રીજા વિજય સિંગલા પર પણ રેલ્વે ભરતી સાથે જોડાયેલ વધુ એક કૌભાંડનો આરોપ છે.

- આ કેસમાં પણ સીબીઆઈએ વિજય સિંગલા સહિત ૧૦ સામે એફઆઈઆરનોંધી છે. આ કેસમાં વિજય સિંગલા પર મની લોન્ડરિંગનો પણ આરોપ છે.

### ૨૦૧૬થી આજ સુધી ૧૧૪૯ લોકોને ભારતીય નાગરિત્વ આપવામાં આવેલ છે

# ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ ૧૦૮ પાકિસ્તાની લોકોને ભારતીય નાગરિકતા આપી

## આ તમામ નાગરિકતા અધિનિયમ પ્રમાણે ૭ વર્ષથી એક જ સ્થળે રહેતા વિદેશી નાગરિકોને બંધારણીય પ્રક્રિયા અનુસરીને નાગરિકતા પત્ર આપવામાં આવે છે

અમદાવાદ, તા.૧૨

આજે રાજયના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી દ્વારા અમદાવાદમાં વસતા ૧૦૮ પાકિસ્તાની લઘુમતીઓ ને ભારતીય નાગરિકતા પત્ર એનાયત કર્યું. અમદાવાદ જિલ્લા કલેકટર દ્વારા પાકિસ્તાની લઘુમતીઓને નાગરિકત્વ આપવામાં આવતું હોય છે. પરંતુ તેના માટે ચોક્કસ પ્રક્રિયા અનુસરવી જરૂરી હોય છે.

આ તમામ નાગરિકતા અધિનિયમ પ્રમાણે ૭ વર્ષથી એક જ સ્થળે રહેતા વિદેશી નાગરિકોને બંધારણીય પ્રક્રિયા અનુસરીને નાગરિકતા પત્ર આપવામાં આવે છે. જો કે રાજય અને કેન્દ્રની આઈ.બી. ટીમ દ્વારા યોગ્ય ચકાસણી થયા બાદ તેઓને સ્વીકાર પત્ર એનાયત થતું હોય છે. જેના આધારે બાકીના નિયમોનુસાર જરૂરી પૂરાવા રજૂ કર્યા બાદ જિલ્લા કલેકટર કચેરી દ્વારા આખરી નાગરિકતા પ્રમાણપત્ર આપવાની જોગવાઈ છે.

અમદવાદના જિલ્લા વહીવટી તંત્રને ૨૦૧૬થી આજ સુધી ૧૧૪૯ લોકોને ભારતીય નાગરિત્વ આપવામાં આવેલુ છે. વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૮ ના ગેઝેટથી ગુજરાત રાજયમાં અમદાવાદમાં શરણ મળી છે. જેમાં ૨૦૧૭માં ૧૮૭ તેમજ ૨૦૧૮માં ૨૫૬ અને ૨૦૧૯માં ૨૦૫ શરણાર્થીઓ ભારતના નાગરિક બનાવવામાં આવ્યા હતા.

તેમજ ૨૦૨૦માં ૬૫ અને ૨૦૨૧માં ૨૧૧ નાગરિકો ભારતના નાગરિક બની અમદવાદમાં શરણ મેળવી હતી. અમદવાદ,ગાંધીનગર અને કચ્છ જિલ્લા કલેક્ટરને અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાની લઘુમતિ ધરાવતા(હિન્દુ, શીખ, બૌધ્ધ, જૈન, પારસી અને કિશ્ચ્રન) ધર્મના લોકોને નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા છે.

સમગ્ર ભારતમાં અમદાવાદ જિલ્લો નાગરિકતાનું પ્રમાણપત્ર એનાયત કરવમાં મોખરે બન્યો છે. હાલ ૧૦૦થી વધુ અરજી સેન્ટ્રલ એજન્સી દ્વારા એમની પ્રોસેસ ચાલી રહી છે. તેમજ ભારતીય નાગરિત્વ મળતા હવે આ નાગરિકોને અમદાવાદ સિવાય અન્ય સ્થળોએ જવા માટે કલેકટર પરવાનગી માંથી પણ મુક્તિ મેળવીને ભારતનું નાગરિત્વ મેળવ્યું છે.

### જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી જિલ્લા કક્ષાનો નેશનલ મેગા લોક અદાલત કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

## બંને પક્ષકારોની જીત અને બંને પક્ષકારોને ન્યાય'' નો સિદ્ધાંત ચરિતાર્થ થયો

અમરેલી, તા. ૧૨

તા.૯/૯/૨૦૨૩ ને શનિવારનાં રોજ ન્યાય મંદિર, અમરેલી તથા જિલ્લાની તમામ તાલુકા કોર્ટોમાં નેશનલ મેગા લોક અદાલતનું આયોજન અમરેલી જિલ્લાનાં પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીનાં અધ્યક્ષ એમ.જે. પરાશરનાં વડપણ તથા માર્ગદર્શન નીચે થયેલ. આ નેશનલ લોક અદાલતમાં કુલ ૫૮૧૧ કેસો ફેઈલ થયેલા, જેમાં ૧૬૦૮ પ્રિ લીટીગેશનનાં કેસો પણ ફેસલ થયા હતા તેમજ પ્રિ લીટીગેશનમાં રૂા.૨,૧૮, ૨૩,૧૫૭/-ની જે તે સંસ્થાઓને એક દિવસમાં રીકવરી થયેલ હતી, તેમજ આ જ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ નીચે વીમા કલેઈમનાં કેસો તથા બીજા કેસો મળી રૂા. ૯,૭૨,૫૪,૦૬૮/- ની રકમનું નોંધપાત્ર ચૂકવણું થયેલ હતું. આ મેગા લોક અદાલતને સફળ બનાવવા માટે અમરેલી જિલ્લાનાં પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એમ. જે. પરાશરનાં સીધા માર્ગદર્શન નીચે તથા સેક્રેટરી આર.વાય. ત્રિવેદીનાં સંકલનમાં અમરેલી જિલ્લનાં તમામ જયુડિશીયલ ઓફિસર તથા કોર્ટ સ્ટાફએ ખૂબ જહેમત ઉઠાવેલ હતી.આ નેશનલ મેગા લોક અદાલતને જિલ્લા તથા તાલુકા મથકે સફળ બનાવવા માટે વકીલમંડળનાં હોદ્દેદારો તથા તમામ સીનીયર તથા જુનીયર વકીલોનું મહત્વનું યોગદાન રહ્યું હતું. આજની નેશનલ મેગા લોક અદાલતમાં ખુબ જ મોટી સંખ્યામાં પક્ષકારો હાજર રહેલ હતા. જેમાં ''બંને પક્ષકારોની જીત અને બંને પક્ષકારોને ન્યાય'' નો લોક અદાલતનો સિધ્ધાંત ચરિતાર્થ થયો હતો.

# ધારીનાં મોણવેલ અને વિસાવદરની વનરાજી વચ્ચે બિરાજમાન સ્વયંભૂપ્રગટ શ્રી ઝાંઝનાથ મહાદેવ



અમરેલી, તા.૧૨

મહાભારતના યુદ્ધમાં જન્મેલા ગીતાજીનું ગાન ભગવાન શ્રી કૃષ્ણએ કર્યુ છે. તેમાં આપેલ ખાતરી મુજબ જયારે જયારે પૃથ્વી પર અધર્મનો વધારો થાય ત્યારે ભગવાન અવતાર લઈ પૃથ્વી ઉપરનો ભાર ઉતારે છે. ભારતીય ભોમની વંદુ તનયાવલી જય હો જય હો સૌરાષ્ટ્ર ધરણીએ મુજબ ભારતની આ દેવભૂમિમાં પરમ કૃપાળુ પરમેશ્વરે સ્વયંભૂ પ્રગટ થઈ પ્રજાનું રક્ષણ કર્યુ છે. વિસાવદર તાલુકામાં જંગલની વનરાજી મનોહર ડુંગરઓની વચ્ચે ઝાંઝાોાશ્રી નદી વહે છે.

ધારી તાલુકાનાં મોણવેલ ગામ પાસે આવેલા રમણીય ડુંગરમાંથી પ્રારંભ થયેલ આ નદી રમતી દડતી શાંત પ્રવાહમાં પોતાનાં કિનારા પર આવેલ જમીનને રસાળ અને ફળદ્રપ કાપવાળી બનાવતી મહારાણી જેમ શાંત પ્રવાહમાં વહે છે.

આ નદીનાં કિનારા પર ઝાંઝેસર નામે પંખીનાં માળા જેવું નાનકડું ગામ અને આ નદી પર જ ઝાંઝશ્રી નામનો મોટો ડેમ આવેલ છે. નદીનાં કાંઠા પર ઉચો ઘોડી વાળો ઢાળ છે. કમર સુધીનાં પાણી વહે છે. તેનાં કિનારા પર સ્વયંભૂ ભોળાનાથનું પ્રગટેલા શિવલિંગ છે. ાજે હાલમાં ઝાંઝરનાથ મહાદેવાા તરીકે ખ્યાતિ પામેલ છે. જયાં હાલ વિજયગીરીબાપુ મહાદેવનાં પુજારી તરીકે સેવા આપે છે.અહી અમરેલી, ધારી, બગસરા, વિસાવદર, ભલગામ સહિત આજુબાજુના ગામડાઓના વિસ્તારો માંથી ભકતજનો દર્શન પુજન માટે ઉમટી પડે છે.

ખાસ કરીને શ્રાવણ માસની અંદર ભકતો ભાઈઓ અને બહેનોની ભીડ જોવા મળે છે. શ્રી ઝાંઝનાથ મહાદેવ જેવા રમણીય અને ચારે તરફ જંગલ અને પ્રકૃતિ ખીલેલા આ રમણીય સ્થળને યાત્રાધામ અને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાની લોકોએ માંગણી કરેલ છે. ઝાંઝનાથ મહાદેવને લેઉઆ પટોલ સમાજનાં સાબરપરા અટક વાળા પરીવારો પોતાનાં ઈષ્ટદેવ માની અને પુજન કરે છે.

ભોળાનાથનો પવિત્ર મહિનો શ્રાવણ માસ દુર દુરથી યાત્રાળુઓની ભીડ જામે છે. ટુંકમાં આપણે કહેવત મુજબ હૈયે હૈયું દળાયા છે. નદીનાં એક કિનારે ઝાંઝનાથ મહાદેવ બિરાજમાન છે. તો સામે કાઠે મા ગાયત્રીનાં પરમ ઉપાસક અને જેને માતાનો સાક્ષાત્કાર થયેલો તેવા બ્રહ્મર્ષી પુજય બચુઅદા (માંડણ કુંડલા) દ્વારા ભગવતી ગાયત્રી માતાનું ભવ્ય મંદિરનું નિર્માણ થયું અને હજારો ગાયત્રી યયનાં ધૂમ્રસેરથી સમગ્ર વાતાવરણ પાવન અને સુગંધિત બન્યુ છે.

લોકવાયકા મુજબ ૫૦૦૦ હજાર વર્ષ પહેલાની વાત છે. ત્યારે અહી ગાઢ જંગલમાં આ નદી કિનારે ઘણું ઉચુ ઘાસ થતું હતું તેથી આજુબાજુના ખેડૂતો ગાડા ભરી અને આ ઘાસ લઈ જતા એક દિવસ આઠ ગાડા એક સાથે આવ્યા ઘાસ વાઢી ગાડા ભરી અને સુર્યાસ્ત પહેલા જંગલમાંથી પોતાનું ગાડું લાઈ અને ઘરે જતા તેમાં સાત ગાડા આગળ નીકળી ગયા. એક ખેડૂતનું ગાડુ પાછળ રહી ગયુ તે સમયે ગાડાને ટાયરના પૈડા ન હતા એટલે લોકો લાકડાનાં પૈડાને લોખંડની વાટ ચડાવી ઉપયોગ કરતા પાછળ રહી ગયેલું ગાડું આ નદીનાં બહુ ઉચી ઘોડી વાળો ઢાળ ચડતા પૈડું ભાગી ગયુ ખેડૂત ચિંતામાં ગાડા પાસે બેસી ગાયો હવે શું કરવું અંધારૂ થવા આવ્યું હતું ત્યારે મંદિરેથી સાધુ સ્વરૂપે પ્રભુ પધાર્યા ભગતને કહે શું કરો છો ભગત તો ભગતે જે ઘટના બની હતી તે વિગતે આ સાધુને વાત કરી સાધુએ કહયું ચાલો મારી જોડે ગાડાનું બીજુ વાટવાળુ પૈડું છે. તે લઈ જાવ ખેડૂતે બીજુ પૈડું લાવી અને ચડાવીા દીધુ ભગતને બાપુએ કહયું ચાલો ગાડું જોડો હું ધકકો મારી દઉ આમ ત્રીજી વખત કહયું ત્યારે ભગતને અંદરથી એવો આભાસ થયો અને ગાડું જોડયું.

બાપુએ ધકકો માર્યો અને ગાડુ કાચી સડક પર ચડી ગયું અને ખુબીની વાત તો એ હતી કે બધાની પહેલા આ ભગત ઘરે પહોંચી ગયા. બનેલી ઘટના પરિવારને કહી બધા સૂઈ ગયા. આ ભગતને બાપુ સ્વપ્નમાં આવ્યા અને કીધું ભગત જાગો છો કે સુઈ ાાગયા ? ભગત કહે બાપુ જાગુ તો છું પણ તમે કયાં ગયા હતા. ? ત્યારે બાપુએ જવાબ આપ્યો છે.તું લાકડાનું પૈડુ લેવા આવ્યાો હતો ત્યાં આવજે અને મારૂ નામ ઝાંઝનાથ ઝાડી વાળા દાદા છે અને ત્યાં શિવલિંગ છે અને તું શોધજે એટલામાં શિવલિંગ ના દર્શન થશે. અને કહયું કે આજથી હું તારો ઈષ્ટદેવ ઝાંઝનાથ જાડીવાળા એમનાં પરિવારમાં દાદાની કૃપાથી કોઈપણ ઝેરી જીવજંતુ કરડશે તો મરશે નહી. તેવું વચન આપી અંતરધ્યાન થયા.

અમરેલી જિલ્લાના રફાળા ગામને જેણે ગોલ્ડન સીટી બનાવી વતનનું ૠણ પુર્ણ કર્યુ છે તેવા મુળ રફાળાના અને હાલમાં સુરત નિવાસી મોટા ઉદ્યોગપતિ ગુજરાતનાં પનોતા પુત્ર દાતા સવજીભાઈ વેકરીયા પણ પેઢી દર પેઢીથી ઝાંઝનાથ મહાદેવમાં ખુબ શ્રદ્ધા અને આસ્થા ધરાવે સવજીભાઈ વેકરીયાએ આ મંદિરના વિકાસ માટે સંકલ્પ કરેલ છે. અને યાત્રાધામ બનાવવા માટે ઈચ્છા વ્યકત કરી છે. અમરેલીનાં ધારાસભ્ય અને ગુજરાતા વિદ્યાનસભાનાં નાયબ દંડક આદરણીય કૌશિકભાઈ વેકરીયાા તથા ધારીના ધારાસભ્યા જે.વી.કાકડીયાએ પણ થોડા સમય પહેલા દાદાનાં દર્શન કરી પુજાઅર્ચના અને અભિષેક કરેલ અને આ રમણીય પરિસરને યાત્રાધામ તરીકે વિકાસ કરી શકાય તેમ છે.

અને આ કાર્યમાંા જયાં જરૂર પડે ત્યાં મદદરૂપ થવા ખાતરી આપેલ. ગ્રામજનો તેમજ ભકત સમુદાય આ રમણીય પરિસરનાં વિકાસ માટો પ્રયત્નશીલ થયાનુાં જણાવેલ છે. ખાસ તો સમગ્ર સૌરાષ્ટ્રની ધર્મપ્રિય જનતા જનાર્દનનાં હૃદયસ્થ દાદા માટે કંઈક કરી છુાટાવાની ભાવના વ્યાપક બને છે.

આવા પ્રચલિત પ્રાચીન મંદિરનાં પરિસરને લીલી નાઘેર જેવું નમૂનાદાર બનાવીા શીરમોર સ્વચ્છતા, માટે પ્રકૃતિનું જતન કરનાર સરપંચ જયેશભાઈ જગુભાઈ શાક હરેશભાઈ મંગળુભાઈ શાક તેમજ હોન હાર યુવાન રાષ્ટ્ર પ્રેમી એવા અમરેલી જિલ્લા ભાજપનાંા અગ્રણી કાર્યકર દીપકભાઈ વઘાસીયા અને ગ્રામજનો સમેત એક સંપ થઈ આખો શ્રાવણ માસ ખડે પગે રહી દાદાની સેવા અને પર્યાવરણનું જતન કરી રહયા છે.

સામાજિક અને રાજસ્વી મહાનુભાવો દાદાની પ્રેરણાથી ભવ્ય પરિસર યાત્રાધામ બને તે દિશામાં નામદાર સરકારનું ધ્યાન દોરે છે.

# અમરેલી : રમત–ગમત ક્ષેત્રે શાળાનું ગૌરવ વધાર્યુ




અમરેલી, તા. ૧૨

તાજેતરમાં રાજકોટ ખાતે મહિલા જિલ્લા ક્રિકેટ–સ્પર્ધા યોજાયેલ. તેમાં અંડર–(૧૭)વયની મહિલા ક્રિકેટમાં અમરેલીની જાણીતી સંસ્થા શ્રીમતિ જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કૂલની ધો.૯(નવ) ની વિદ્યાર્થીની કુ. બાવળીયા તન્વી દિલીપભાઈએ આ સિલેકશન રાઉન્ડમાં સુંદર દેખાવ કરીને રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી થતાં કુ. તન્વીબેને જિલ્લા તેમજ શાળાનું ગૌરવ વધારતા શાળાનાં આચાર્ય રોહિતભાઈ મહેતા તેમજ શાળા પરિવાર તથા શાળાનાં ટ્રસ્ટીઓએ ખુબ–ખુબ અભિનંદન પાઠવી શુભેચ્છાઓ આપેલ છે.

# સાવરકુંડલાની પે. સેન્ટર શાળા નં.૧ ની ઝળહળતી સિદ્ધિ



સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા શહેરની પે સેન્ટર શાળા નંબર ૧ ની ઝળહળતી સિધ્ધિ. શાળાના વિદ્યાર્થીઓ અને તેમને સમકક્ષ યુવાનોમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ કેળવવા, જિજ્ઞાસાને સંતોષવા તથા સુષુપ્ત શકિતઓને અનાવરણ કરવા તક મળી રહે તેવા હેતુથી કરવામાં આવતું પ્રદર્શન એટલે વિજ્ઞાન મેળો. જેના અનુસંધાને તારીખ ૧૨–૯ –૨૦૨૩ નાં રોજ સીઆરસી એક સાવરકુંડલાનો વિજ્ઞાન મેળો યોજાયો હતો. જેના અંતર્ગત સીઆરસી એકની વિવિધ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પે.સેન્ટર શાળા નંબર એકના બાળવૈજ્ઞાનિકો દ્વારા વિવિધ વિભાગોમાં સાયન્સ મોડેલ તૈયાર કરેલ. પે સેન્ટર શાળા નંબર એકના વિદ્યાર્થીઓ દ્વારા પાંચ મોડલ બનાવવામાં આવેલ. જેમાંથી ત્રણ મોડેલ તાલુકા કક્ષાના વિજ્ઞાનવાળા માટે પસંદ થયેલ. સાયન્સ મોડલ બનાવનાર વિદ્યાર્થીઓ મુંધવા દેવલ, ટોળીયા અશ્વિન, સાસડા હિતેન , ટોળીયા પ્રવીણ, ટાંક ભવદીપ, મેસુરીયા પ્રેમ, ટોળીયા નિલેશ, બગડા માનવ, મોગલ કયુમ, દેંગડા કેવીન, કાજી નફિસ,ગોલિતર વિક્રમને શાળાના ગણિત વિજ્ઞાનનાં શિક્ષક હિતેશભાઈ જોશી અને પ્રિયાબેન ભાડ દ્વારા અભિનંદન આપેલ.

# માઈક્રો એન્ટરપ્રાઈઝ ડેવલાપ MED પ્રોજકટ હેઠળ કોમ્યુનિટી રિસોર્સ–એન્ટરપ્રાઈઝ પ્રમોશન (CRP-EP) માટે અરજી કરવી

અમરેલી, તા.૧૨

માઈક્રો એન્ટરપ્રાઈઝ ડેવલપ MED પ્રોજકટ હેઠળ કોમ્યુનિટી રિસોર્સ – એન્ટરપ્રાઈઝ પ્રમોશન (CRP-EP) માટે ઓછામાં ઓછુ ધો.૧૦ પાસની લાયકાત ધરાવતાં હોય તેવા ઉમેદવારોની આવશ્યકતા છે. આથી આ કામગીરી માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત હોય અને તે કામગીરી માટે રસ ધરાવતા હોય તેવા ઉમેદવારો પાસેથી આ જગ્યાઓ પર હંગામી ધોરણે કામ કરવા અને હંગામી ધોરણે જગ્યાઓ ભરવા માટે બીએનએમયુ કમિટી, તાલુકા વિકાસ અધિકારી અને મિશન મંગલમ શાખા, રાજુલા દ્વારા આ અંગેની અરજીઓ મંગાવવામાં આવે છે.

આ માટે મળવાપાત્ર માનદ વેતન ઉમેદવારની કામગીરી અને યોગ્યતાને (કામગીરી આધારિત વેતન) આધારે નક્કી થશે, તેમાં મહિલા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. અરજી કરવા ઈચ્છુક ઉમેદવારોએ પોતાની અરજી (બાયોડેટા) આગામી સાત દિવસમાં તાલુકા પંચાયત કચેરી, મિશન – મંગલમ્ (NRLM) શાખા ખાતે રજીસ્ટર્ડ એડી અથવા સ્પીડ પોસ્ટ દ્વારા મોકલી આપવી. અરજીઓ પૈકી શોર્ટ લિસ્ટ થયેલ ઉમેદવારોને આગળની પ્રક્રિયા માટેનો આખરી નિર્ણય સી.એલ.એફ તેમજ તાલુકા વિકાસ અધિકારીનો રહેશે. મહત્વનું છે કે, અરજી કરનાર ઉમેદવારે અરજી સાથે જરૂરી આધાર – પુરાવાઓ, દસ્તાવેજો જોડવાના રહેશે. જેમાં, ૧) લિવિંગ સર્ટિફીકેટની નકલ, ૨) ધો. ૧૦ અથવા તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તો તે અભ્યાસની છેલ્લી માર્કશીટ નકલ, ૩) જાતિના દાખલાની નકલ, ૪) નોન ક્રિમિલેયર દાખલાની નકલ અને ૫) અનુભવ હોય તો અનુભવના પ્રમાણપત્ર સહિતના દસ્તાવેજો જોડવા. આ અંગેની વધુ માહિતી કે વિગતો માટે તાલુકા પંચાયત કચેરી, આઈ.આર.ડી. શાખા, મિશન મંગલમ યોજના, બ્લોક રિસોર્સ સેન્ટર, રાજુલાનો સંપર્ક કરવો, તેમ રાજુલા તાલુકા વિકાસ અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બગસરા : સ્વરોજગારલક્ષી વિવિધ ટ્રેડમાં પ્રવેશ મેળવવા તા. ૨૩ સુધીમાં ઓનલાઈન અરજી કરવી

અમરેલી, તા.૧૨

બગસરા સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (મહિલા) ખાતે સપ્ટેમ્બર–૨૦૨૩ થી શરૂ થતાં નવા સત્રનાં ચોથા રાઉન્ડ માટે ખાલી રહેલી બેઠકો માટે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની કામગીરી શરૂ છે. આગામી તા.૨૩–૦૯–૨૦૨૩ સુધી દૈનિક મેરીટના ધોરણે આ પ્રક્રિયા શરૂ છે. રોજગાર અને સ્વરોજગારલક્ષી વિવિધ ટ્રેડ કોપા(કોમ્પ્યુટર), વેલ્ડર, મિકેનિક ડીઝલ, સુઈંગ ટેક્નોલાજી(સીવણ) સહિતના અભ્યાસક્રમો સંસ્થામાં શરૂ છે. જેમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ધો.૮ પાસ થી ગ્રેજયુએટ પાસ ઉમેદવારો આ http://itiadmission. gujarat.gov.in વેબસાઈટ પર જઈને ભરી શકશે. આ ઉપરાંત સંસ્થા ખાતે પણ હેલ્પ સેન્ટર પર જરૂરી દસ્તાવેજો (ધો. ૧૦ માર્કશીટ, એલ.સી., જાતિનું પ્રમાણપત્ર, આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ વગેરે) રજૂ કરવાથી ઓનલાઈન ફોર્મ ભરી આપવામાં આવશે. આથી પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેવા ઉમેદવારોએ વધુ વિગતો અને માહિતી માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો સંપર્ક કરવો. તેમ બગસરા ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અત્રિ અનસૂયા

## આપણા ૠષિઓ...



સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા



સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક

થકી મોક્ષમાર્ગ ચીંધવાનું પુણ્યકાર્ય કર્યુ છે. અહીં બ્રાહ્મણધર્મને સંકુચિત અર્થમાં મૂલવવાનો નથી. જે સત્કાર્ય કરે, સન્માર્ગે ચાલે તે બ્રાહ્મણ.

અત્રિ જેવા ૠષિવર્યને ધ્યાનમાં રાખીને જ નારદ તેમના ભકિતસૂત્રમાં કહે છે : ''તીર્થ કુર્વન્તિ તીર્થાનિ – મહાપુરુષો તીર્થોને પવિત્ર બનાવે છે.'' ''સુકર્મી કુર્વતિ કર્માણિ – મહાપુરુષો કર્મોને પવિત્ર બનાવે છે.'' ''સત્શાસ્ત્રી કુર્વતિ શાસ્ત્રાણિ – શાસ્ત્રોને ગુણયુકત આદરણીય બનાવે છે.'' 'ૠગ્વેદ'ના પાંચમાં મંડળમાં કુદરતની સ્તુતિ કરતાં અત્રિના મતે પૃથ્વી દેવતા છે. તે ઉચા પર્વતો અને ભારે વાદળોનો ભાર ખમે છે, હરિયાળી વનસ્પતિથી શોભે છે અને સૌને પોષે છે, નદીઓના નીરથી શીતલતા બક્ષે છે.

ૠષિ બીજી એક વાર પૃથ્વીને કુશળ ઘોડેસવાર કલ્પે છે. તોફાની ઘોડાને કુશળ ઘોડેસવાર કાબૂમાં રાખે, તેમ મદમસ્ત વાદળોને પૃથ્વી આસાનીથી ધારણ કરે છે, પૃથ્વી વાદળોનો પોશાક પહેરી ગર્જના કરતી, ચમકતી, દમકતી વીજળીના ઘરેણા પહેરી વર્ષાને આવકારે છે.

કેવળ પૃથ્વીની સ્તુતિઓથી ન અટકતા ૠષિ તેમના વંશજો એવા કુદરતના તમામ તત્વોને પ્રણામ સાથે ભાવભરી સ્તુતિથી નવાજે છે. અત્રિ પોતે સાત્વિક તેજની આભા ધરાવે છે, પણ સાથે સાથે આસપાસનું વાતાવરણ પણ પવિત્ર બનાવે છે. વિશ્વને પવિત્ર અને આનંદમય બનાવવાની મનઃકામના સેવતા આ ૠષિ સત્યના પૂજારી છે. સાત્વિક આદર્શો અને દર્શનોનું ઉદ્‌ભવસ્થાન એટલે અત્રિૠષિ.

ૠષિ દેવાધિદેવ મહાદેવના પરમ ઉપાસક છે. 'શિવોપનિષદ'માં આત્રેયૠષિ અને મહાકાલ મહાદેવ વચ્ચે સંવાદ છે, તેવો જ સંવાદ 'સદાનંદ ઉપનિષદ'માં જૈગિષવ્યનો રુદ્ર સાથે સંવાદ છે. અત્રિ પાર્થે છે : નમામિ ભકતવત્સલં કૃપાલુ શીલકોમલં।

ભજામિ તે પદામ્વુજં અકામિનાં સ્વધામદં ॥

ૠષિની કથા વાંચીએ ત્યારે ,ણી વાતો અસંભવિત લાગે, ઘણું ન સમજાય, વાત ગળે ન ઉતરે તેવું બને. આપણે આપણી શકિત મુજબ તેના અર્થઘટનો તારવીએ અને તે યોગ્ય અને સહજ છે, પરંતુ આપણે એટલું તો જરૂર તારવી શકીએ કે આદર્શ દાંપત્ય કેવું હોય... 'ધન્યો ગૃહસ્થાશ્રમઃ' ચરિતાર્થ કરવા આપણે શું કરી શકીએ... જીવનના આદર્શોને આચરણમાં મૂકવા અતિ કઠિન છે, પરંતુ એ દિશામાં આપણી ગતિ થાય તોપણ ઘણું એટલું તો સમજી શકીએ.

સંતોષ, નિઃસ્પૃહતા, ઉદારતા, સરલતા, અપરિગ્રહ, અયાચકવૃત્તિ, ક્ષમા, ધૈર્ય, અસૂયા જેવા કેટલાય ગુણોને આપણી સમક્ષ મૂકવાનો આ એક અદમ્ય પ્રયાસ છે એટલું તો માનીએ જ.

આ દંપતિ 'ૠગ્વેદ'ની પ્રાર્થના કરતા સંભળાય છે :

''વૃણીમહે સખ્યાય વૃણીમહે યુજયાય...''

''હે ભગવાન ! અમે આપનું વરણ સ્વીકાર્ય છે, જેથી અમારું પરસ્પર સખ્ય હોય, મનમેળ હોય, યોગ હોય.''

**(ક્રમશઃ)**

# અમરેલી : વિદ્યાસભા સ્કુલનાં વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએ કુસ્તી સ્પર્ધામાં ચેમ્પીયન



અમરેલી, તા.૧૨

અમરેલી ડો.જીવરાજ મહેતા સંસ્થાપિત જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ તથા શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમનાં વિદ્યાર્થીઓ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા મુકામે યોજાયેલ ાહતી. જેમાં જિલ્લા કક્ષાએ ચેમ્પીયન થયેલ છે.

આ તમામ ખેલાડીઓ આગામી સમયમાં રાજયકક્ષાએ અમરેલી જિલ્લા વતી પ્રતિનિધીત્વ કરશે. આ તકે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ સ્કુલનાં પ્રિન્સીપાલ તથા કો–ઓર્ડીનેટર તથા સ્પોટર્સ શિક્ષકઓએ હૃદયપુર્વક શુભકામના પાઠાવી હતી.


હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન



શ્રી ભાવીનભાઈ સોજીત્રા – વા.ચેરમેન | શ્રી પી.પી. સોજીત્રા – ડિરેક્ટર | શ્રી જયેશભાઈ નાકરાણી – ચેરમેન | શ્રી શૈલેષભાઈ સંઘાણી – એમ.ડી.

સહકારી ક્ષેત્રમાં આગવું અને મહત્વનું સ્થાન ધરાવતી અમરેલી નાગરીક સહકારી બેંક લી. અમરેલીના સમગ્ર બોર્ડની બિનહરિફ થયેલ ચૂંટણીમાં ચેરમેન તરીકે તરવરીયા અને યુવાન ધીરગંભીર યુવા નેતા **શ્રી જયેશભાઈ એમ. નાકરાણી**, વા.ચેરમેન તરીકે **શ્રી ભાવિનભાઈ સોજીત્રા** તેમજ એમ.ડી. તરીકે **શ્રી શૈલેષભાઈ સંઘાણી** તથા સંસ્થાના સફળ સુકાની **શ્રી પી.પી. સોજીત્રા** ડીરેકટર તરીકે બિનહરીફ ચૂંટાયેલ છે. જે બદલ લાખ-લાખ અભિનંદન સાથે આપ અમરેલી નાગરીક સહકારી બેંક લી. અમરેલીના વિકાસમાં મહત્વના સહભાગી બનો તેવી શુભકામનાઓ.

... શુભેચ્છક ...

શ્રી દલસુખભાઈ કે. દુધાત – ઉપપ્રમુખ | શ્રી વિઠલભાઈ એન. તારપરા – એમ.ડી. | શ્રી રમેશભાઈ વઘાસીયા – મેનેજર

સાંગાભાઈ સાવલીયા, બાબુભાઈ સોજીત્રા, કિર્તીભાઈ ચોડવડીયા, મનસુખભાઈ નાકરાણી | પરેશભાઈ ધાનાણી, રમેશભાઈ કોટડીયા, મગનભાઈ લુણાગરીયા, હરેશભાઈ વઘાસીયા | શંભુભાઈ દેસાઈ, જયંતિભાઈ ચકરાણી, દેવેન્દ્રભાઈ પાદરીયા, બટુકભાઈ ખુંટ

શ્રી અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. અમરેલી, મોહનભાઈ નાકરાણી ભવન અમરેલી.


# અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત આર્ટસ, સાયન્સ કોલેજમાં વિવિધ સ્પર્ધા યોજાઈ










અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ ધ પ્રતાપરાય આર્ટસ કોલેજનાં બી.સી.એ. વિભાગ દ્વારા તા. ૪/૯/૨૦૨૩નાં રોજ ક્રિકેટ ટુર્નામેન્ટ અને રસ્સાખેંચનું આયોજન કરવામાં આવેલ તેમજ બહેનો દ્વારા મહેંદી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, પઈન્ટીંગ, નેઈલ આર્ટ જેવી વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ તેમજ તા. ૫/૯/૨૩નાં રોજ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનજીનાં જન્મદીન એટલે શિક્ષક દિન નિમિત્તે બી.સી.એ. વિભાગ અને બી.એસ.સી. માઈક્રોનાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક બનીને શિક્ષક દિવસ ઉજવવામાં આવ્યો. આ તકે તમામ સ્પર્ધકોને ઈનામ આપી પ્રોત્સાહીત કરાયા હતા.આ તકે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, સેલ્ફ ફાયનાન્સ કોલેજ ડીરેકટર ચીરાગભાઈ ગજેરા અને કોલેજ કોર્ડીનેટર અભિષેકભાઈ જોષીએ વિદ્યાર્થી અને તમામ સ્ટાફને અભિનંદન પાઠવ્યાં હતાં.

## દેશનાં કરોડો પરિવારોને સામાન્ય જીવન પસાર કરવું પણ મુશ્કેલ બન્યું

# ખાદ્યસામગ્રી, શિક્ષણ અને આરોગ્ય ખર્ચમાં જબ્બરો વધારો

**SBI લાઈફ રિપોર્ટનાં ચોંકાવનારા તારણો જાહેર થતાં વિપક્ષો આ મુદ્દે સરકારને ઘેરશે તે નક્કી**

**છેલ્લા ૯ વર્ષથી દેશમાં જીડીપીનો આંક ઘટતો હોય અથવા તો સ્થિર હોવાથી બેરોજગારી બેકાબુ**

**કોઈપણ સંસ્થા આગામી દિવસોમાં મોંઘવારી ઘટશે તેવું જણાવતી ન હોય ચિંતામાં સતત વધારો**

**શાસકો હાઈ-ફાઈ લાઈફ સ્ટાઈલ જનતાનાં પૈસે પસાર કરતાં હોય ગરીબો અને મધ્યમવર્ગ મુશ્કેલીમાં**





પ્રતિકાત્મક તસ્વીર



નવી દિલ્હી, તા. ૧૨

કમરતોડ મોંઘવારીએ સામાન્ય ભારતીયોની મુશ્કેલીઓ વધારી દીધી છે. ખાસ કરીને રોજિંદી ઉપયોગની ચીજવસ્તુઓના ભાવમાં વધારાને કારણે લોકોની ચિંતા વધી રહી છે. આ ઉપરાંત આરોગ્ય અને શિક્ષણ પાછળ થતાં ખર્ચમાં વધારો પણ મુશ્કેલીનું કારણ બની રહ્યો છે.

એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સે ફાઈનાન્શિયલ ઈમ્યુનિટી સ્ટડીની ત્રીજી આવૃતિ બહાર પાડી છે. આ અભ્યાસ અનુસાર ૪૩ ટકા લોકોએ સ્વીકાર્યુ કે રોજિંદા વપરાશની વસ્તુઓનાં ભાવમાં વધારો તેમની ચિંતાનું મુખ્ય કારણ છે. આ ૪૩ ટકા ગ્રાહકો માને છે કે વર્તમાન આર્થિક વાતાવરણમાં મોંઘવારી ચિંતાનું સૌથી મોટું કારણ બની રહી છે.

આ સર્વે જૂન ૨૦૨૩માં પૂર્ણ થયો છે. સર્વેમાં ભાગ લેનારાઓમાં ૩૬ ટકાએ આરોગ્ય ખર્ચમાં વધારો, ૩૫ ટકાએ શિક્ષણ ખર્ચમાં વધારો, ૨૭

અનુસંધાન પાના ૬ ઉપર

### પંચાયત કે પાલિકામાં હોદ્દો મળે તો સેવાકાર્ય કરજો

## અમરેલી જિલ્લાનાં રાજકીય આગેવાનો ડો. જીવરાજ મહેતા, નરસિંહદાસ ગોંધિયા જેવા નેતાઓને આદર્શ માને

**ભાજપ અગ્રણી ડો. કાનાબારે પ્રેરણાદાયી ટ્વીટ કર્યુ**



અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લા ભાજપનાં અગ્રણી ડો. ભરત કાનાબાર અવારનવાર પ્રેરણાદાગી ટવીટ કરતાં આવ્યા છે અને તાજેતરમાં તેઓએ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનાં પદાધિકારીઓ માટે પ્રેરણાદાગી ટવીટ કર્યુ છે.

તેઓએ જણાવેલ છે કે, ટૂંક સમયમાં જ પંચાયતો અને પાલિકાઓનાં પદાધિકારીઓની વરણી થશે. જેમની મુદત પૂરી થઈ ગઈ હોય તેમને લાગશે કે જાણે હજી ગઈકાલે જ પદ મળ્યું હતું અને બહુ જલ્દી મુદત પુરી થઈ ગઈ. ઘણા કરવા જેવા કામો પુરા ના થઈ શકયા તેનો વસવસો પણ થાય. લોકો પણ ધીમે ધીમે ભૂલવા માંડે છે, સિવાય લોકોને લાંબા સમય સુધી યાદ રહે કરે તેવા કામો કર્યા હોય.

નવા બનનારા હોદેદારો માટે આ મોટી શીખ છે. ઈતિહાસ વાંચીએ તો ખબર પડે કે કેટલાય રાજાઓ અને સમ્રાટો થઈ ગયા પણ લોક જીભે તો જૂજ નામો જ અંકિત છે.

રાજય સરકારના મિનિસ્ટરોના નામ પણ લોકોને યાદ રહેતા નથી. ગુજરાત સરકારના બધા મંત્રીઓના નામ બોલી શકે એવી વ્યકિત લાખે એક પણ ના મળે અને આપણને પંચાયત કે પાલિકામાં એકાદ હોદો મળે અને જો આપણા મગજમાં રાય ભરાય જાય તો સમજવું કે તક વેડફાઈ જશે !

લોકોનાં દિલમાં કાયમી સ્થાન ઉભું કરવાની તક મળી છે એમ સમજી કામ કરીશું તો જે સંતોષ મળશે તે જીવનપર્યંત ટકે. અમરેલીના લોકો આજે પણ ડો. જીવરાજ મહેતા, નરસિંહદાસ ગોંધીયા, ખોડીદાસ ઠકકર અને લલ્લુભાઈ શેઠને યાદ કરે છે. મૂડી પૈસાની નહિ પણ લોકસેવાની ટકે છે તેમ અંતમાં જણાવેલ છે.

## રાજુલા : બાબરિયાધાર ગામે જુગાર રમતા ૪ પત્તાપ્રેમી ઝડપાયા

અમરેલી, તા. ૧૨

રાજુલાના પોલીસ ઈન્સ્પેકટર સી.એસ. કુગસિયાની સુચનાથી રાજુલા પોલીસ ટીમે, રાજુલા પોલીસ સ્ટેશનનાં બાબરીયાધાર ગામનાં હદ વિસ્તારમાં બાબરીયાધારથી નવાગામ જવાના રસ્તે, ખાંભડાની ધારે, હાથબત્તીનાં અંજવાળે જાહેરમાં હારજીતનો જુગાર રમતા કાળુભાઈ ભગુભાઈ સૈડા (રહે.ઈટીયા તા.જેસર) સહિત ચાર પત્તા પ્રેમીઓને કુલ રૂા. ૨૫,૮૦૦ નાં મુદ્દામાલ સાથે પકડી પાડી પકડાયેલ પત્તાપ્રેમીઓ પર રાજુલા પોલીસ સ્ટેશનમાં જુગારધાર હેઠળ ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી કરેલ હતી.

### એસપીની સુચનાથી તાલુકા પોલીસનો સપાટો

## અમરેલીના માંગવાપાળ ગામેથી તરૂણીનું અપહરણ કરનાર આરોપી ઝડપાયા

**સીસીટીવી કેમેરાની મદદથી ગુન્હાનો ભેદ ઉકેલાયો**



અમરેલી, તા. ૧૨

અમરેલી તાલુકાના માંગવાપાળ ગામે ગત તા. ૮ ના રાત્રીના સાડા અગીયારેક વાગ્યે હિંમતભાઈ નારણભાઈ ગજેરાની વાડીમાં આવેલ ફર્જામાં સુતા હતા ત્યારે સાત આઠ અજાણ્યા માણસો લાકડીઓ લઈ આવી અને ત્યાં રહેતા પરપ્રાંતિય પરિવારની તરૂણીનું અપહરણ કરવાના સમાન ઈરાદે, કાવતરૂ રચી વાડીમાં આવેલ અને ફર્જાનો દરવાજો તોડીને રાત્રીના ગૃહ પ્રવેશ કરી, લાકડીઓ બતાવી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ફરીયાદી તથા તેના ભાઈના બે ફોનની લુંટ કરી, ભોગ બનનાર તરૂણીને મોટર સાયકલમાં પરાણે બેસાડીને, તરૂણીનું અપહરણ કરેલ, જે અન્વયે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાતાં અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. પી.બી. લક્કડ તથા પોલીસ સ્ટાફ દ્વારા અલગ અલગ ટીમો બનાવી અને અલગ અલગ જગ્યાએ લગાવાયેલ સી.સી.ટી.વી. કેમેરા તપાસેલ તેમજ હ્યુમન અને ટેકનીકલ સોર્સિસની મદદથી તેમજ ચોક્કસ બાતમી આધારે સદરહુ ગુન્હાનો ભેદ ઉકેલી બદન ઉર્ફે કેકુ પીડીયાભાઈ બામણીયા (રહે. હાલ દેવગામ અશોકભાઈ પટાણીની વાડી તા.કુકાવાવ) મુળ મધ્યપ્રદેશ, પાંગલા ઉર્ફે પાંગુ ઉર્ફે રમેશ વેસ્તાસિહ મહેડા (રહે. હાલ

અનુસંધાન પાના ૬ ઉપર

### કોંગી નગરસેવિકા સેજલબેન સોલંકીએ કરી માંગ

## અમરેલીનાં વોર્ડ નં. ૯માં ગાયકવાડી સમયથી કાર્યરત "હરીઆલાનું નાળા"નું રીનોવેશન જરૂરી

**ગટરનાં ગંધાતા પાણીનો ભરાવો થતાં રોગચાળાનો ખતરો**



અમરેલી, તા. ૧૨

અમરેલી શહેરમાં વોર્ડ નં. ૯ માં ગાયકવાડ સરકારના સમયથી આવેલ "હરી આલાનું નાળા" તરીકે ઓળખાતું નાળુ હાલમાં ખૂબ જ જર્જરીત હાલતમાં છે અને અમરેલી શહેરના તમામ વિસ્તારની જે ભુગર્ભ ગટર આવેલ છે તે ગંદાપાણીનો નિકાલ આ નાળા મારફતે થતો હોય. આ નાળાની હાલત અતિ ગંભીર હોય ગમે ત્યારે આ નાળુ તૂટી પડે તેમ હોય જેથી કોઈ આકસ્મિક બનાવ બને તેવી પણ શકયતાઓ છે. જેથી આ નાળાને પુલ તરીકે ફરીથી બનાવવાની તાત્કાલીક આવશ્યકતા છે. આ નાળુ ખૂબ જ

અનુસંધાન પાના ૬ ઉપર

### ભાવનગરનાં યુવકની કરાઈ અટકાયત

## રાજુલામાંથી એશિયાકપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઓનલાઈન જુગાર રમાડતા શખ્સની અટકાયત

**રૂપિયા ૨૩૧૨૦નો મુદ્દામાલ કબ્જે લેવાયો**

અમરેલી, તા. ૧૨

ભાવનગર ગામે ભરતનગર-શિવનગરમાં જુના ત્રણ માળીયા બ્લોકમાં રહેતા દિનેશ મોહનભાઈ રામચંદાણી નામનાં ૩૦ વર્ષિય યુવક તા. ૧૧નાં રોજ સાંજના સમયે રાજુલા ગામે વૈભવ હોટલ પાસે એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારત-પાકિસ્તાન વચ્ચે રમાઈ રહેલ મેચનો પોતાના આર્થિક ફાયદા સારૂ ઓનલાઈન આઈડી પાસવર્ડથી પૈસાનું ટ્રાન્જેકશન કરી ક્રિકેટ ઉપર જુગાર રમતો હોય. સ્થાનિક પોલીસે તેમને રોકડ રકમ રૂા. ૧૧૧૨૦ તથ મોબાઈલ ફોન-૧ કિંમત રૂા. ૧૫૦૦૦ મળી કુલ રૂા. ૨૩૧૨૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

### જિલ્લા ભાજપનાં પ્રતિનિધિની ઉપસ્થિતિમાં

## ધારી તાલુકા પંચાયતનાં પ્રમુખ સહિતનાં હોદ્દેદારોની વરણી

**નવનિયુક્ત શાસકો પર અભિનંદનવર્ષા**





ધારી, તા.૧૨

ધારી તાલુકા પંચાયતના પ્રમુખ - ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેનની ચુંટણી જાહેર થતાં ભાજપ શાસિત ધારી તાલુકા પંચાયતના પ્રમુખ પદે શ્રીમતિ કિરણબેન ધનશ્યામભાઈ હિરપરા, ઉપપ્રમુખ પદે ભરતભાઈ વલ્લભભાઈ અંટાળા, કારોબારી

અનુસંધાન પાના ૬ ઉપર


**ડૉ. પિયુષ વી. ગોસાઈ**

(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત

**શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર**

સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે,
લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬

**ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮**
**સોમવાર થી શનિવાર...**

ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.



**NETRA CHIKITSA TRUST**
MULTI SPECIALITY HOSPITAL



**FREE B.M.D CAMP**

**હાડકામાં કેલ્શિયમની ફ્રી ચકાસણી કેમ્પ**

સામાન્ય રીતે આ તપાસની ફી ૬૦૦-૭૦૦ રૂપિયા હોઈ છે પરંતુ આ કેમ્પમાં તદ્દન મફતમાં થશે.

શુ તમે કોઈ પણ પ્રકારના હાડકાંના દુખાવાથી પીડાવ છો ?

તો આપ ઓસ્ટીઓપોરોસીસ હાડકાનું પોલાણ/હાડકાનું બરડ થવુંથી પીડાય રહ્યા હોય શકો

કેમ્પ માં કોણ લાભ લઈ શકે ?

- જેની ઉંમર ૩૫ વર્ષથી વધારે હોય.
- હાડકા નબળા પડી ગયા હોઈ
- શરીરના કોઈ પણ સાંધાનો દુખાવો સતત રહેતો હોય
- આખા શરીરમાં હાડકાની કળતર થતી હોઈ
- ઘૂંટણમાં ઘસારો લાગતો હોય અને વારંવાર ફેક્ચર થતા હોય
- બેઠાડુ જીવન શૈલી ધરાવતા લોકો
- લાંબા સમય સુધી દવા લેતા દર્દીઓ

આ કેમ્પ દરમિયાન ઓર્થોપેડીક નિષ્ણાંત દ્વારા ફ્રી નિદાન અને તપાસ કરવામાં આવશે

તારીખ : ૨૧/૦૯/૨૦૨૩ ગુરુવાર
સમય : સવારે ૦૯:૦૦ થી ૧:૦૦



ડૉ. અંકિત ગાબાણી
(M.B.B.S., D.ORTHO)
ઓર્થોપેડીક -જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન

વધુ માહિતી માટે સંપર્ક કરો
99789 66629
99045 93355

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)